સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **35** [22 - 27/08/21]

HAPPY જન્માષ્ટમી

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



The King of the King
# કાયદો

LATEST EDITION

બંધારણ, IPC, CRPC, EVIDENCE

- 500+ પરીક્ષાલક્ષી પ્રશ્નો
- પરીક્ષાલક્ષી મહત્વની કલમોની યાદી
- કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશકિત સાથે અભ્યાસ

NOW AVAILABLE




www.iceonline.in


સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# HAPPY Janmashtami


**22 SUNDAY**

- દિવસ મહિમા : 22 ઓગસ્ટ, વિશ્વ સંસ્કૃત દિવસ (શ્રાવણ મહિનાની પૂર્ણીમાના દિવસે) ........ 02
- ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કલ્યાણ સિંહનું નિધન ........ 02
- ભારત અને રશિયાએ AK-103 રાઈફલ્સ ખરીદવા માટે કરાર કર્યો ........ 03
- QUESTION ANSWERS ........ 04

**23 MONDAY**

- દિવસ મહિમા : 23 ઓગસ્ટ, (1) આંતરરાષ્ટ્રીય ગુલામ વ્યાપાર અને તેના અંતની યાદગીરીનો દિવસ ........ 05
- કોંકણ અભ્યાસ-2021 (Exercise Konkan 2021) ........ 05
- ભારત-ચીન સરહદ નજીક ભારતના સૌથી ઊંચા હર્બલ પાર્કનું ઉદ્ઘાટન ........ 07
- અમરનાથ યાત્રા સાથે સંકળાયેલી ભગવાન શિવની ગદા શંકરાચાર્ય મંદિરમાં લાવવામાં આવી હતી ........ 08
- QUESTION ANSWERS ........ 11

**24 TUESDAY**

- દિવસ મહિમા : 24 ઓગસ્ટ, વિશ્વ ગુજરાતી ભાષા દિવસ ........ 12
- દિલ્હીમાં ભારતનો પ્રથમ 'સ્મોગ ટાવર' ........ 12
- નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન'(NMP) યોજના શરૂ કરી ........ 13
- 'ભુવન' અંતર્ગત નવું પોર્ટલ 'યુક્તધારા' લોન્ચ કરવામાં આવ્યું ........ 14
- QUESTION ANSWERS ........ 15

**25 WEDNESDAY**

- ઓપરેશન દેવી શક્તિ (Operation Devi Shakti) ........ 16
- ગુરુ ગ્રંથ સાહિબના સ્વરૂપો ........ 17
- ભારત-ફિલિપાઈન્સે દક્ષિણ ચીન સમુદ્રમાં નૌકા કવાયત હાથ ધરી ........ 19
- QUESTION ANSWERS ........ 20

**26 THURSDAY**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 37મી 'પ્રગતિ' (PRAGATI) બેઠકની અધ્યક્ષતા કરી ........ 21
- જળશક્તિ મંત્રાલય દ્વારા 'સુજલામ' અભિયાન શરૂ કરવામાં આવ્યું ........ 22
- નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સ્માર્ટ બેન્કિંગ માટે EASE 4.0 લોન્ચ કર્યું ........ 22
- QUESTION ANSWERS ........ 24

**27 FRIDAY**

- માલાબાર અભ્યાસ 2021 ........ 25
- સ્ટોકહોમ 'વિશ્વ જળ સપ્તાહ 2021' (Stockholm World Water Week 2021) ........ 26
- ચીન 'Shared Destiny - 2021' અભ્યાસ નું આયોજન કરશે ........ 27
- QUESTION ANSWERS ........ 28

**ONE LINER** ........ 29

**QUESTION OF THIS WEEK** ........ 33


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 22 ઓગસ્ટ, વિશ્વ સંસ્કૃત દિવસ (શ્રાવણ મહિનાની પૂર્ણીમાના દિવસે)

ભારતમાં દર વર્ષે શ્રાવણ મહિનાની પૂર્ણીમાના પવિત્ર પ્રસંગે 'વિશ્વ સંસ્કૃત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- રક્ષાબંધન પણ શ્રાવણ મહિનાની પૂર્ણીમાના દિવસે જ ઉજવવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2021માં 22 ઓગસ્ટના દિવસે 'વિશ્વ સંસ્કૃત દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત ભાષાના પુનરુત્થાન અને જાળવણીને પ્રોત્સાહન આપવાનો છે.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાજ્ય અને કેન્દ્ર સરકારોને જાહેરનામું બહાર પાડ્યા બાદ વર્ષ 1969માં આ દિવસની પ્રથમવાર ઉજવણી કરવામાં આવી હતી.
- સંસ્કૃત ભારતમાં શાસ્ત્રીય અને આઠમી અનુસૂચિની ભાષા છે.

## ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કલ્યાણ સિંહનું નિધન

- ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કલ્યાણ સિંહનું 21 ઓગસ્ટના રોજ લખનૌ ખાતે 89 વર્ષની વયે નિધન થયું છે.

### શ્રી કલ્યાણ સિંહ



શ્રી કલ્યાણ સિંહનો જન્મ 5 જાન્યુઆરી, 1932ના રોજ ઉત્તરપ્રદેશના અલિગઢ ખાતે થયો હતો.

- શ્રી કલ્યાણ સિંહે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે બે વખત સેવા આપી હતી.
- વર્ષ 1991માં તેઓ પ્રથમ વખત ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારબાદ વર્ષ 1997માં ફરી મુખ્યમંત્રી બન્યા હતા.
- ડિસેમ્બર, 1992માં બાબરી મસ્જિદ ધ્વંસ દરમિયાન તેઓ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી હતા.
- તેમણે સૌપ્રથમ અત્રોલી વિધાનસભાના સભ્ય તરીકે ઉત્તરપ્રદેશ વિધાનસભામાં પ્રવેશ કર્યો હતો.
- તેમણે ભારતીય જનસંઘ, ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય ક્રાંતિ પાર્ટીના સભ્ય તરીકે અત્રોલી મત વિસ્તારમાંથી જ સૌથી વધુ નવ વખત ચૂંટણી જીતી હતી.
- તેમણે હિમાચલપ્રદેશ અને રાજસ્થાનના રાજ્યપાલ તરીકે પણ સેવા આપી હતી.
- વર્ષ 2010માં તેમણે જનક્રાંતિ પાર્ટીની રચના કરી હતી.
- જ્યારે તેઓ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે બોર્ડની પરીક્ષામાં છેતરપિંડી કરવાનું બંધ કરાવ્યું હતું. આ માટે વર્ષ 1992માં તેમની સરકાર દ્વારા નકલ વિરોધી અધિનિયમ, 1992 લાગુ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત અને રશિયાએ AK-103 રાઈફલ્સ ખરીદવા માટે કરાર કર્યો

ભારત અને રશિયાએ 20 ઓગસ્ટ, 2021ના રોજ '**AK-103 રાઈફલ્સ**' ખરીદવાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- આ કરાર અંતર્ગત ભારતીય સેના માટે રશિયા પાસેથી સંખ્યાબંધ **AK-103** શ્રેણીની એસોલ્ટ રાઈફલો ખરીદવામાં આવી રહી છે.
- આ અંતર્ગત ભારત લગભગ **70,000 AK-103** રાઈફલ્સ ખરીદશે.
- આ AK-103 શ્રેણીની રાઈફલ્સ ભારતની જૂની **INSAS રાઈફલ્સનું** સ્થાન લેશે.
- આધુનિકીકરણ યોજના હેઠળ સરકાર ભારતીય સેનાના જૂના અને અપ્રચલિત હથિયારો બદલવા માટે મોટી સંખ્યામાં લાઈટ મશીનગન, વોર કાર્બાઈન્સ અને એસોલ્ટ રાઈફલ્સ ખરીદી રહી છે.
- ભારતીય સેનાએ વર્ષ **2017**માં લગભગ 7 લાખ રાઈફલ્સ, 44,600 કાર્બાઈન અને 44,000 લાઈટ મશીન ગન મેળવવાની પ્રક્રિયા શરૂ કર્યાના ચાર વર્ષ બાદ આ સોદો થયો છે.
- આ અગાઉ ભારતમાં **AK-203** રાઈફલ્સનું ઉત્પાદન કરવા માટે ભારત અને રશિયાએ સપ્ટેમ્બર 2020માં કરાર કર્યો હતો.

### AK-103 રાઈફલ્સ

AK-103 રશિયાની મજબૂત મિકેનિક્સ અને આધુનિક સુવિધાઓ સાથેની પાયદળ એસોલ્ટ રાઈફલ્સ છે.

- આ રાઈફલના ડિઝાઈનર **શ્રી મિખાઈ કલાશ્રીકોવ** છે.
- આ સિરીઝના અગાઉના મોડલમાં AK- 47, AK- 74, AK- 56, AK- 100ની સિરીઝ, AK- 201, AK- 202 અને AK- 203નો સમાવેશ થાય છે.
- તે **AK- 74**ની અપડેટ રાઈફલ છે.
- AK- 103 નાઈટ વિઝન અને ટેલિસ્કોપિક સ્થળો અથવા ગ્રેનેડ લોન્ચર સહિત વિવિધ સ્થળોએ ઉપયોગ કરી શકાય છે.
- આ રાઈફલની લંબાઈ અંદાજે **943 mm**(37.1 ઈંચ) છે. જ્યારે તેના નાળની લંબાઈ **415 mm** છે.
- AK-103 રાઈફલ્સનું વજન **3.6** કિલો છે. જેથી ઉપયોગમાં સરળતા રહેશે.
- ભારત ઉપરાંત આ રાઈફલસનો ઉપયોગ અલ્જેરિયા, આર્મેનિયા, ઈથોપિયા, ઈરાન, સીરિયા, સાઉદિ અરબિયા વગેરે દેશ કરી રહ્યા છે.

નોંધ : (1) 3 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અમેઠી ખાતેના **AK-203 Assault Rifle** કારખાનાનું ઉદ્ઘાટન કર્યુ હતું.

(2) ભારતમાં રશિયાની મદદથી આ AK- 203 રાઈફલ બનાવવામાં આવી રહી છે.

(3) આ માટે ભારત અને રશિયા દ્વારા એક **Joint Venture** (સંયુક્ત સાહસ)ની રચના કરવામાં આવી હતી.

(4) આ જોઈન્ટ વેન્ચરને '**The indo- Russia Rifles Pvt. Ltd**' નામ આપવામાં આવ્યું છે.

1. વિશ્વ સંસ્કૃત દિવસ કયારે ઉજવવામાં આવે છે ?

(A) શ્રાવણી પૂર્ણીમા (B) શ્રાવણી અમાસ (C) આસો પૂર્ણીમા (D) આસો અમાસ **(A)**

2. તાજેતરમાં શ્રી કલ્યાણ સિંહનું નિધન થયું છે. તે કયા દેશના પૂર્વ મુખ્યમંત્રી હતા ?

(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરપ્રદેશ (C) ઉત્તરાખંડ (D) આસામ **(B)**

3. શ્રી કલ્યાણ સિંહે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કેટલી વખત સેવા આપી છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(A)**

4. ડિસેમ્બર, 1992માં બાબરી મસ્જિદ ધ્વંસ દરમિયાન ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી કોણ હતું ?

(A) શ્રી કલ્યાણ સિંહ (B) શ્રી ઉત્તમ સિંહ (C) શ્રી ત્રિભુવન સિંહ (D) શ્રી બહાદુર સિંહ **(A)**

5. શ્રી કલ્યાણ સિંહ ઉત્તરપ્રદેશ રાજ્યની કઈ વિધાનસભા સીટ પરથી સૌથી વધુ વખત જીત્યા છે ?

(A) રામપુર (B) નોઈડા (C) અત્રોલી (D) વારાણસી **(C)**

6. વર્ષ 2010માં ઉત્તરપ્રદેશમાં જનક્રાંતિ પાર્ટીની રચના કોણે કરી હતી ?

(A) શ્રી કમલાપતિ ત્રિપાઠી (B) શ્રી કલ્યાણ સિંહ

(C) શ્રી વિશ્વનાથ પ્રતાપ સિંહ (D) શ્રી મુલાયમ સિંહ **(B)**

7. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે AK- 103 રાઈફલ્સ ખરીદવા માટે કરાર કર્યો છે ?

(A) રશિયા (B) જાપાન (C) ફ્રાન્સ (D) અમેરિકા **(A)**

8. વર્ષ 2019માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અમેઠી ખાતે કઈ રાઈફલ્સના કારખાનાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) AK- 48 Assault (B) AK- 502 Assault

(C) AK- 209 Assault (D) AK- 203 Assault **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 ઓગસ્ટ, (1) આંતરરાષ્ટ્રીય ગુલામ વ્યાપાર અને તેના અંતની યાદગીરીનો દિવસ (International Day for the Remembrance of the slave Trade and its Abolition)

## કોંકણ અભ્યાસ-2021 (Exercise Konkan 2021)



21 ઓગસ્ટ, 2021ના રોજ ઈંગ્લિશ ચેનલમાં INS તાબર (INS Tabar) અને HMS વેસ્ટમિન્સ્ટર વચ્ચે કોંકણ અભ્યાસ-2021 હાથ ધરવામાં આવ્યો હતો.

- ઈંગ્લિશ ચેનલ આઈલ ઓફ ગ્રેટ બ્રિટનના દક્ષિણ કિનારે અને ફ્રાન્સના ઉત્તરી કિનારે આવેલી છે. તથા ઉત્તરમાં તે ડોવર સ્ટ્રેટ દ્વારા ઉત્તર સમુદ્રથી અલગ છે.
- કોંકણ અભ્યાસમાં બે જહાજોના ઈન્ટિગ્રેટેડ હેલિકોપ્ટરો અને ફાલ્કન ઈલેક્ટ્રોનિક વોરફેર વિમાનોની ભાગીદારી જોવા મળી હતી.
- આ અભ્યાસ દરમિયાન સંકલિત સબમરીન કાર્યવાહી, ફાયરિંગ અભ્યાસ વગેરે જેવી ક્વાયત હાથ ધરવામાં આવી હતી.
- કોંકણ યુદ્ધ અભ્યાસ ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ વચ્ચે યોજાતી નૌકા ક્વાયત છે.
- આ કવાયત (અથવા યુદ્ધ અભ્યાસ) બંને દેશ વચ્ચે લાંબા ગાળાના વ્યૂહાત્મક સંબંધો પર આધારિત છે.
- આ કવાયત નૌકાદળોને સમયાંતરે દરિયાઈ અને બંદર અભ્યાસ કરવા માટે મંચ પૂરું પાડે છે જેથી ક્રિયાપ્રતિક્રિયા વધે અને શ્રેષ્ઠ વ્યવહાર વહેંચાય.
- કોંકણ કવાયત (અભ્યાસ) વર્ષ 2004માં શરૂ કરવામાં આવી હતી ત્યારથી બંને નૌકાદળો દ્વારા એકાંતરે હાથ ધરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### INS તાબર

INS તાબર ભારતીય નૌકાદળનું ત્રીજું તલવાર વર્ગનું યુદ્ધ જહાજ છે, જે વર્ષ 2004 દરમિયાન રશિયાના કાલિનિનગ્રાડ ખાતે કાર્યરત થયું હતું.

- આ યુદ્ધ જહાજ હવા, સપાટી અથવા ભૂગર્ભ મિશનનું સંચાલન અને બચાવ કરવા સક્ષમ છે.
- ભારતીય નૌકાદળના તલવાર વર્ગના યુદ્ધ જહાજો ભારત–રશિયા સંયુક્ત ઉત્પાદન હેઠળ રશિયામાં બનાવવામાં આવ્યા છે.
- INS તાબરને ભારતીય નૌકાદળના પશ્ચિમી નેવલ કમાન્ડને સોંપવામાં આવ્યું છે. જેનું મુખ્ય મથક મુંબઈમાં છે.

નોંધ : કેપ્ટન મહેશ માંગીપુડી INS તાબરના વર્તમાન કમાન્ડિંગ ઓફિસર છે.

## HMS વેસ્ટમિન્સ્ટર

**HMS** વેસ્ટમિન્સટર રોયલ નેવીનું ટાઈપ 23 ફ્રિગેટ છે.

- જે **4 ફેબ્રુઆરી, 1992**ના રોજ કાર્યરત થયું હતું.
- તેનું નામ ડ્યુકેડમ ઓફ વેસ્ટમિન્સ્ટર પરથી રાખવામાં આવ્યું છે.

## ભારત અને યુ. કે. (બ્રિટન) વચ્ચે યોજાતા યુદ્ધ અભ્યાસ

| ક્રમ | યુદ્ધ અભ્યાસ | સેના |
|---|---|---|
| 1 | ઈન્દ્ર ધનુષ | વાયુસેના |
| 2 | અજેય વોરિયર | સંયુક્ત થલસેના |
| 3 | કોંકણ | નૌસેના |

## ભારતના અન્ય દેશ સાથેના મુખ્ય સમુદ્રી અભ્યાસ

| ક્રમ | યુદ્ધ અભ્યાસનું નામ | દેશ |
|---|---|---|
| 1 | SILINEX | શ્રીલંકા |
| 2 | INDRA NAVY | રશિયા |
| 3 | કોંકણ (Konkan) | બ્રિટન (યુ.કે.) |
| 4 | વરુણ | ફ્રાન્સ |
| 5 | નસીમ–અલ–બહેર | ઓમાન |
| 6 | સહયોગ HoP TAC | વિયેતનામ |
| 7 | SIMBEX | સિંગાપોર |
| 8 | IMCOR | મ્યાનમાર |
| 9 | AUSINEX | ઓસ્ટ્રેલિયા |
| 10 | સમુદ્ર શક્તિ | ઈન્ડોનેશિયા |
| 11 | JIMEX | જાપાન |
| 12 | બોન્ગોસાગર | બાંગ્લાદેશ |
| 13 | માલાબાર અભ્યાસ | જાપાન–યુનાઈટેડ સ્ટેટ્સ |
| 14 | IN-BN CORPAT | બાંગ્લાદેશ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ચીન સરહદ નજીક ભારતના સૌથી ઊંચા હર્બલ પાર્કનું ઉદ્‌ઘાટન

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માના(માણા) ગામમાં ભારત–ચીન સરહદ નજીક 11,000 ફૂટની ઊંચાઈએ ભારતના સૌથી ઊંચા હર્બલ પાર્કનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

- વિવિધ ઔષધિય અને સાંસ્કૃતિક રીતે મહત્ત્વની અલ્પાઈન પ્રજાતિઓના સંરક્ષણ અને આ પ્રજાતિઓના પ્રસાર અને નિવાસસ્થાન ઈકોલોજી પર સંશોધન હાથ ધરવાના ઉદ્દેશ્યથી આ ઊંચાઈવાળા હર્બલ પાર્કનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.
- આ પાર્ક માણા ગામમાં ત્રણ એકરના વિસ્તારમાં વિકસાવવામાં આવ્યો છે. આ માટે માણા વન પંચાયતે જમીન આપી હતી.
- આ પાર્ક ઉત્તરાખંડ વન વિભાગની સંશોધન પાંખ દ્વારા તથા કેન્દ્ર સરકારની 'વળતર વનીકરણ ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી' (CAMPA) યોજના હેઠળ ત્રણ વર્ષની અંદર વિકસાવવામાં આવ્યો હતો.
- આ હર્બલ પાર્કમાં **40 પ્રજાતિ**ઓ છે જે ભારતીય હિમાલયન પ્રદેશમાં ઊંચાઈવાળા અલ્પલાઈન પ્રદેશોમાં જોવા મળે છે.
- આમાંની ઘણી પ્રજાતિઓને આંતરરાષ્ટ્રીય યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN)ની રેડ સૂચિ તેમજ રાજ્ય જૈવવિવિધતા બોર્ડ દ્વારા જોખમમાં મુકવામાં આવી છે.
- આ ઉપરાંત પાર્કમાં ઘણી ઔષધિય વનસ્પતિ પણ છે.
- આ પાર્ક ચાર વિભાગમાં વહેંચાયેલો છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રથમ વિભાગ

- પ્રથમ ભાગમાં બદ્રીનાથ (ભગવાન વિષ્ણુ) સાથે જોડાયેલી પ્રજાતિઓ છે જેમાં બદ્રી તુલસી, બદ્રી વૃક્ષ, બદ્રી બેર અને ભોજપત્રના પવિત્ર વૃક્ષનો સમાવેશ થાય છે.

### બીજો વિભાગ

- તે અષ્ઠવર્ગ જાતિઓને સમર્પિત છે. આ પ્રજાતિ આઠ ઔષધિનો સમૂહ છે જે હિમાલયના પ્રદેશમાં જોવા મળે છે.

### ત્રીજો વિભાગ

- આ વિભાગ સોસૂરિયા જાતિઓ ધરાવે છે અને તેમાં બ્રહ્મ કમલનો સમાવેશ થાય છે જે ઉત્તરાખંડ રાજ્યનું રાજ્ય ફૂલ છે.

### ચોથો વિભાગ

- આ વિભાગમાં આતિશ, મીઠાવીશ, ચોરુ અને વંકાકાડી જેવી મિશ્ર અલ્પાઈન પ્રજાતિઓ ધરાવે છે.

# અમરનાથ યાત્રા સાથે સંકળાયેલી ભગવાન શિવની ગદા શંકરાચાર્ય મંદિરમાં લાવવામાં આવી હતી

તાજેતરમાં અમરનાથ યાત્રા સાથે સંકળાયેલી વર્ષો જૂની પરંપરા મુજબ ભગવાન શિવની પવિત્ર ગદા (છડી મુબારક) પ્રાચીન શંકરાચાર્ય મંદિરમાં લાવવામાં આવી હતી.



## શંકરાચાર્ય મંદિર

શંકરાચાર્ય મંદિર કાશ્મીરના શંકરાચાર્ય પર્વત પર સ્થિત એક પ્રાચીન મંદિર છે.

- આ મંદિરને 'જ્યેષ્ઠેશ્વર મંદિર' અને 'પાસ–પહાડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ મંદિરને કાશ્મીરની ખીણમાં સૌથી જૂનું મંદિર માનવામાં આવે છે.
- ભગવાન શિવને સમર્પિત આ મંદિર જમીનની સપાટીથી 1000 ફૂટની ઊંચાઈ પર સ્થિત છે.
- આદિ શંકરાચાર્યએ આ મંદિરની મુલાકાત લીધી ત્યારથી આ મંદિરનું નામ શંકરાચાર્ય પડ્યું હતું.

નોંધ : (1) કોરોના મહામારીના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને વર્ષ 2021ની અમરનાથ યાત્રા રદ કરવામાં આવી હતી.

(2) વર્ષ 2021માં 28 જૂનથી 22 ઓગસ્ટ સુધી આ યાત્રા યોજાવાની હતી.

(3) પરંતુ પરંપરાઓ મુજબ ભગવાન શિવની ગદા (છડી મુબારક) પૂજા માટે લઈ જવા પર પ્રતિબંધ ન હતો આ માટે ફક્ત સાધુઓને જ પરવાનગી આપવામાં આવી હતી.

## અમરનાથ યાત્રા

ભારતમાં સામાન્ય રીતે જુલાઈ–ઓગસ્ટ મહિનામાં આ યાત્રા યોજાય છે.

- અને આ માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ એપ્રિલ મહિનામાં જ થઈ જાય છે.
- જમ્મુ–કાશ્મીરમાં દર વર્ષે યોજાતી પ્રસિદ્ધ અમરનાથ યાત્રાના બે માર્ગ છે :

(1) પહેલગામથી અમરનાથ (37 - 47 km)

(2) બાલતાલથી અમરનાથ (14 - 16 km)

- જમ્મુ–કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે પહેલગામ અથવા બાલતાલ સુધી બસ અથવા તો અન્ય વાહન દ્વારા જઈ શકાય છે.
- ત્યારબાદ પહેલગામ અથવા તો બાલતાલથી આ યાત્રા પગપાળા કરવાની હોય છે.
- જેમાં બાલતાલથી અમરનાથ વચ્ચેની પગપાળા યાત્રા લગભગ 14 કિ.મી. સુધીની હોય છે. આથી આ રૂટ ખૂબ જ ટૂંકો છે. આ માર્ગે 1 દિવસમાં અમરનાથની યાત્રા થઈ શકે છે.
- પરંતુ બાલતાલથી અમરનાથની યાત્રા ખૂબ જ જોખમી હોવાથી સરકાર આ રૂટથી થતી યાત્રાને પ્રોત્સાહન આપતી નથી. આ માર્ગ પર યાત્રીઓએ પોતાના જોખમે યાત્રા કરવાની હોય છે. રસ્તામાં કોઈ અણધારી ઘટના ઘટે તે માટે ભારત સરકાર કોઈ જવાબદારી લેતી નથી.
- આથી, મોટા ભાગના યાત્રીઓ પહેલગામથી અમરનાથના માર્ગે જ યાત્રા કરે છે. અને ભારત સરકાર પણ સત્તાવાર રીતે આ માર્ગે થતી યાત્રાને જ પ્રોત્સાહન આપે છે.
- આ માર્ગે યાત્રા લગભગ પાંચ દિવસમાં પૂર્ણ થાય છે.

નોંધ : શ્રીનગરથી પહેલગામ વચ્ચેનું અંતર લગભગ 89 કિ.મી. જેટલું જ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમરનાથ યાત્રાનું સંચાલન

જમ્મુ–કાશ્મીરમાં યોજાતી આ અમરનાથ યાત્રાનું સંચાલન શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

- આ બોર્ડની રચના **વર્ષ 2000**માં કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે જમ્મુ–કાશ્મીરના ઉપરાજ્યપાલ તેના અધ્યક્ષ હોય છે. જો કે, અગાઉ જમ્મુ–કાશ્મીર જ્યારે રાજ્ય હતું ત્યારે જમ્મુ–કાશ્મીરના રાજ્યપાલ આ બોર્ડના અધ્યક્ષ હતા.

## અમરનાથ મંદિર

અમરનાથ એ હિન્દુ ધર્મનું મહત્ત્વનું તીર્થસ્થળ છે.

- જમ્મુ–કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલા અમરનાથ પર્વતની એક પહાડી ગુફામાં **13,600 ફૂટ**ની ઊંચાઈ પર આ મંદિર આવેલું છે.
- આ ગુફાની લંબાઈ 19 મીટર, પહોળાઈ 16 મીટર અને ઊંચાઈ 11 મીટર જેટલી છે.
- અમરનાથ ગુફા એ ભગવાન શિવનું પ્રસિદ્ધ તીર્થધામ છે.
- તેને તીર્થોનું તીર્થ કહેવામાં આવે છે કેમ કે અહીં ભગવાન શિવે માં પાર્વતીને અમરત્વનું રહસ્ય સમજાવ્યું હતું.
- અમરનાથ મંદિરને પ્રસિદ્ધ **51 શક્તિ પીઠો**માંની એક માનવામાં આવે છે. અહીં માતા સતીનો કંઠનો ભાગ પડ્યો હોવાનું કહેવાય છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમરનાથ મંદિરની વિશેષતા

અમરનાથ મંદિરની મુખ્ય વિશેષતા આ પવિત્ર ગુફામાં દર વર્ષે બરફથી થતું કુદરતી શિવલિંગનું નિર્માણ થાય છે.

- દર વર્ષે અષાઢી પૂર્ણિમાથી લઈને શ્રાવણ માસ દરમિયાન નિર્માણ થતા બરફના શિવલિંગના દર્શન માટે લાખો શ્રદ્ધાળુઓ આ મંદિરની મુલાકાતે આવે છે.
- આ મંદિરમાં શિવલિંગનું નિર્માણ કુદરતી રીતે જ બરફથી થતું હોવાથી તેને 'હિમાની શિવલિંગ' અથવા 'બર્ફાની બાબા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- અહીં ટપકતા બરફના ટીંપામાંથી લગભગ **10 ફૂટ ઊંચુ** શિવલિંગ બને છે.
- ચંદ્રમાના ઘટવા–વધવા સાથે આ બરફનો આકાર પણ ઘટતો વધતો રહે છે.
- શ્રાવણી પૂર્ણિમાએ તે પોતાના પૂરા આકારમાં આવી જાય છે. અને અમાસ સુધીમાં તે ધીરે ધીરે નાનું થઈ જાય છે.
- અહીં આશ્ચર્યની વાત એ છે કે, આ શિવલિંગ નક્કર બરફનું બનેલું હોય છે. જ્યારે ગુફામાં સામાન્ય રીતે કાચો બરફ હોય છે, જે હાથમાં લેતા જ ચૂરચૂર થઈ જાય છે.
- આ મૂળ શિવલિંગથી થોડા અંતરે શ્રી ગણેશજી, ભૈરવ અને માતા પાર્વતીના આવા જ અલગ અલગ હિમખંડ હોય છે.

## અમરનાથ મંદિર વિશેની લોકવાયકાઓ

(1) આ ગુફામાં ભગવાન શિવે માતા પાર્વતીને અમરકથા સંભળાવી હતી. જેને સાંભળીને શ્રી શુકદેવ ઋષી શુકદેવ તરીકે અમર થઈ ગયા.


(2) આ ગુફામાં કબૂતરોની એક જોડી પણ આ કથા સાંભળીને અમર થઈ ગઈ હતી. કેટલાક શ્રદ્ધાળુઓને આજે પણ આ કબૂતરોની જોડીના દર્શન થાય છે.

(3) ભગવાન શિવે આ ગુફામાં માતા પાર્વતીને અમરનાથની યાત્રા અને એ માર્ગે આવતા અનેક સ્થળોનું વર્ણન કર્યુ હતું. આ કથા સમય જતાં અમરનાથ નામથી પ્રસિદ્ધ થઈ હતી.

નોંધ : (1) સૌપ્રથમ ભૃગુ ઋષીએ અમરનાથની શોધ કરી હોવાનું માનવામાં આવે છે.

(2) 16મી સદીના પૂર્વાધમાં એક મુસ્લિમ પશુપાલકને અમરનાથની ગુફામાં બરફના શિવલિંગના સૌપ્રથમ દર્શન થયા હતા એવું પણ કહેવાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# MONDAY Questions

1. 'આંતરરાષ્ટ્રીય ગુલામ વ્યાપાર અને તેના અંતની યાદગીરીનો દિવસ' દર વર્ષે કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 23 ઓગસ્ટ (B) 24 ઓગસ્ટ
(C) 25 ઓગસ્ટ (D) 26 ઓગસ્ટ (A)

2. કોંકણ યુદ્ધ અભ્યાસ તાજેતરમાં કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?

(A) ભારત – ફ્રાન્સ (B) ભારત– સાઉદી અરેબિયા
(C) ભારત – યુનાઈટેડ કિંગ્ડમ (D) ભારત – બાંગ્લાદેશ (C)

3. કોંકણ સમુદ્રી યુદ્ધ અભયાસમાં ભારતના કયા જહાજે ભાગ લીધો હતો ?

(A) INS રણજિત (B) INS તાબર
(C) INS વિક્રાંત (D) INS ખૂકરી (B)

4. તાજેતરમાં ભારત–ચીન નજીક માણા ગામમાં ભારતના સૌથી ઊંચા હર્બલ પાર્કનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ગામ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) ઉત્તરાખંડ (B) હિમાચલપ્રદેશ
(C) અરૂણાચલ પ્રદેશ (D) સિક્કિમ (A)

5. અમરનાથ યાત્રા સાથે સંકળાયેલી ભગવાન શિવની ગદા શંકરાચાર્ય મંદિરમાં લાવવામાં આવી હતી. આ મંદિર કયા સ્થળે આવેલ છે ?

(A) કાશ્મીરના શંકરાચાર્ય પર્વત પર (B) ઋષીકેશના શંકરાચાર્ય પર્વત પર
(C) રૂરકીના શંકરાચાર્ય પર્વત પર (D) નૈનિતાલના શંકરાચાર્ય પર્વત પર (A)

6. ભારતમાં સામાન્ય રીતે અમરનાથ યાત્રા કયારે યોજાય છે ?

(A) ઓક્ટોબર – નવેમ્બર (B) ડિસેમ્બર – જાન્યુઆરી
(C) ફેબ્રુઆરી – માર્ચ (D) જુલાઈ – ઓગસ્ટ (D)

7. ભારતમાં અમરનાથ યાત્રાનો પ્રારંભ કયા સ્થળેથી થાય છે ?

(A) બારામુલ્લા (B) પૂંચ (C) પહેલગામ (D) પુલવામા (C)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ઓગસ્ટ, વિશ્વ ગુજરાતી ભાષા દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 ઓગસ્ટ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે.

- 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ને 'વિશ્વ ગુજરાતી દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગુજરાતી ગદ્યના પ્રણેતા શ્રી વીર નર્મદનો જન્મદિન 24 ઓગસ્ટ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી નર્મદશંકર લાલશંકર દવેનો જન્મ 24 ઓગસ્ટ, 1833ના રોજ ગુજરાતના સુરત ખાતે થયો હતો.

નોંધ : 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' 24 ઓગસ્ટના ઉજવાય છે. જ્યારે 'વિશ્વ માતૃભાષા દિવસ' 21 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.

## દિલ્હીમાં ભારતનો પ્રથમ 'સ્મોગ ટાવર'

તાજેતરમાં દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે કનોટ પ્લેસમાં બાબા ખડગ સિંહ માર્ગ પર ભારતના પ્રથમ 'સ્મોગ ટાવર'નું ઉદ્‌ઘાટન કર્યુ છે.

- ખેડૂતો દ્વારા પાક કચરો (ઘાસ/તણખા) બાળવાથી થતા પ્રદૂષણ સામે લડવા માટે રાષ્ટ્રીય રાજધાનીમાં તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

### પૃષ્ઠભૂમિ

વર્ષ 2019માં સુપ્રીમ કોર્ટે 'સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ' (CPCB) અને દિલ્હી સરકારને વાયુ પ્રદૂષણને પહોંચી વળવા માટે સ્મોગ ટાવર લગાવવાની યોજના ઘડવા નિર્દેશ આપ્યો હતો.

- ત્યારબાદ IIT બોમ્બેએ CPCBને ટાવરો માટે એક દરખાસ્ત રજૂ કરી હતી.
- જાન્યુઆરી, 2020માં સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે પાયલોટ પ્રોજેક્ટ તરીકે એપ્રિલ સુધીમાં બે ટાવર સ્થાપિત કરવા જોઈએ.
- કનોટ પ્લેસ ખાતે સ્મોગ ટાવર આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ સ્થાપિત થયેલ પ્રથમ સ્મોગ ટાવર છે.
- જ્યારે બીજો ટાવર પૂર્વ દિલ્હીના આનંદ વિહારમાં ઉભો કરવામાં આવી રહ્યો છે.

### સ્મોગ ટાવર

સ્મોગ ટાવર એવી સંરચના છે જે મોટાભાગે વાયુ પ્રદૂષણના કણોને ઘટાડવા માટે હવા શુધ્ધિકરણ તરીકે રચવામાં આવે છે.

- તેમાં એર ફિલ્ટરના અનેક સ્તરો હોય છે જે પ્રદૂષિત હવાને સાફ કરે છે.
- તે 'ડાઉનડ્રાફ્ટ એર ક્લિનિંગ સિસ્ટમ'નો ઉપયોગ કરે છે, જ્યાં પ્રદૂષિત હવા 24 મીટરની ઉંચાઈથી પ્રાપ્ત થાય છે અને ફિલ્ટર કરેલી હવા ટાવરના તળીયે એટલે કે જમીનથી લગભગ 10 મીટરની ઉપર છોડવામાં આવે છે.
- આ ટાવરનું નિર્માણ ટાટા પ્રોજેક્ટ લિમિટેડ (TPL)એ IIT બોમ્બે અને IIT દિલ્હી સાથે તકનીકી સહયોગથી શરૂ કર્યુ છે, જે તેના ડેટાનું વિશ્લેષણ કરશે.
- રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ઘણા સમયથી ચિંતાનો મુદ્દો બન્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- CPCBના એક રિપોર્ટ અનુસાર વર્ષ 2009માં દિલ્હીમાં PM 10ની સાંદ્રતામાં 258% થી 335% નો વધારો જોવા મળ્યો હતો.
- પરંતુ દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સૌથી વધુ પ્રદૂષક PM 2.5 છે.
- PM 2.5 એ પ્રદૂષણના કણોનો ઉલ્લેખ કરે છે જેનો વ્યાસ 2.5 માઈક્રોમીટર (0.000001 મીટર) અથવા તેનાથી ઓછો છે આથી તેને PM 2.5 તરીકે ઓળખવામાં આવે છે.
- PM 2.5 સુક્ષ્મ કણો જ્યારે શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે ફેંફસા અને શ્વસન માર્ગને નુકસાન કરે છે. તથા નબળી રોગપ્રતિકારક શક્તિ સહિત હૃદય અને શ્વસન સમસ્યાનું જોખમ ઉભૂં કરે છે.
- સ્વિચ ગ્રુપના રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં સતત ત્રીજી વખત દિલ્હી વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર હતું.
- હવાની ગુણવત્તા પરનો એક અંદાજ બતાવે છે કે એક સ્મોગ ટાવર પવનની દિશામાં 1 કિલોમીટરના વિસ્તારમાં 50% કણ પદાર્થના ભારને ઘટાડે છે તથા પ્રતિ સેકન્ડ 1000 ઘનમીટર હવા સાફ કરવાની ક્ષમતા ધરાવે છે.

નોંધ : (1) વિશ્વનો સૌથી મોટો સ્મોગ ટાવર ચીનમાં સ્થિત છે.

(2) PM 2.5નું પૂરું નામ 'Particulate matter 2.5' છે.

## નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન'(NMP) યોજના શરૂ કરી

નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને 23 ઓગસ્ટ, 2021ના રોજ ચાર વર્ષની 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (National Monetisation Pipeline- NMP) યોજના શરૂ કરી છે.

- આ યોજના બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ્સમાં શરૂ કરવામાં આવી હતી જેની કિંમત 6 લાખ કરોડ રૂપિયા છે.
- કેન્દ્ર સરકારે મહત્વની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપત્તિને ચાર વર્ષમાં એટલે કે વર્ષ 2022 થી 2025 સુધીમાં ખાનગી ભાગીદારીમાં PPP મોડલ દ્વારા કે પછી લીઝ ઉપર આપીને ભંડોળ એકઠુ કરવાનું આયોજન કર્યુ છે.
- ખાનગી ક્ષેત્રને પણ આમાં સામેલ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તેમની પાસે અધિકારો હશે પણ પ્રોજેક્ટમાં માલિકી નહીં.
- આ યોજના ભારતભરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ભંડોળનો ઉપયોગ કરશે.
- આ યોજના હેઠળ માર્ગ રેલ્વે અને પાવર ક્ષેત્રોમાં સંપત્તિ મુદ્રીકરણની કુલ સંપત્તિના 66% થી વધુ હશે.
- બાકીનું અંદાજિત મૂલ્ય ખાણકામ, ટેલિકોમ્યુનિકેશન્સ, બંદરો, ઉડ્ડયન, કુદરતી ગેસ, વેરહાઉસ, સ્ટેડિયમ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ પાઈપલાઈન જેવા ક્ષેત્રોમાંથી આવશે.
- નાણામંત્રીશ્રીના જણાવ્યા અનુસાર આ યોજના ભારતના માળખાગત નિર્માણ માટે વધુ મૂલ્ય બનાવવામાં મદદ કરશે અને સરકારી માલિકી સ્થળાંતર કર્યા વિના ખાનગી ભાગીદારીના નવીન માર્ગો શોધશે.
- મુદ્રીકરણ (Monetisation)નો અર્થ એવો નથી કે સરકારે તેમની મિલકતો વેચવા કાઢી છે એટલે કે સોદાની સમય મર્યાદા પૂરી થયા પછી મિલકત પરત લઈ લેવામાં આવશે.
- 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ' અને 'રીઅલ એસ્ટેટ ઈન્વેસમેન્ટ ટ્રસ્ટ' જેવા નવા મોડેલને કારણે ફક્ત નાણાકીય રીતે સધ્ધર કે વ્યૂહાત્મક રોકાણકારો નહીં પણ સામાન્ય રોકાણકારો પણ રોકાણ કરી શકશે અને રોકાણની નવી તકો ખૂલશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NMP માટે તારવવામાં આવેલી મિલકત

- 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP)ની યાદીમાં નીચે મુજબની મિલકતનો સમાવેશ થયો છે :

(1) 26,700 કિમી રસ્તા, રેલવે સ્ટેશન, ટ્રેન સંચાલન અને ટ્રેક

(2) 26,608 કિમી ઈલેક્ટ્રિક ટ્રાન્સમિશન લાઈન

(3) 6 GW જળવિદ્યુત અને સૌર ઉર્જા સંપત્તિ

(4) ટેલિકોમ સેક્ટરમાં 86 લાખ કિમી ફાઈબર સંપત્તિ અને 14,917 ટાવર

(5) 8154 કિમી કુદરતી ગેસ પાઈપલાઈન અને

(6) 3930 કિમી પેટ્રોલિયમ ઉત્પાદનો પાઈપલાઈન

નોંધ : (1) સરકારે 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP)ની રીઅલ–ટાઈમ પ્રગતિ પર નજર રાખવા માટે એસેટ મુદ્રીકરણ ડેશ બોર્ડ પણ વિકસાવ્યું છે.

(2) સંપત્તિનું મુદ્રીકરણ કોઈપણ સંપત્તિને આર્થિક મૂલ્યમાં રૂપાતંરિત કરવાની પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે.

## 'ભુવન' અંતર્ગત નવું પોર્ટલ 'યુક્તધારા' લોન્ચ કરવામાં આવ્યું

તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા એક નવું ભૂ–સ્થાનિક યોજના પોર્ટલ 'યુક્તધારા' લોન્ચ કરવામાં આવ્યું છે.

- નવું પોર્ટલ રિમોટ સેન્સિંગ અને GIS આધારિત જાણકારીઓનો ઉપયોગ કરીને મનરેગા સંપત્તિઓને સરળ બનાવવામાં મદદ કરશે.
- આ ભુવન (Bhuvan) અંતર્ગતનું એક નવું પોર્ટલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### યુક્તધારા પોર્ટલ વિશે

આ પોર્ટલ ઈસરો અને ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે.

- જે વિકેન્દ્રીત નિર્ણયના સમર્થનમાં ગ્રામીણ યોજનાઓ માટે સરકાર–થી–સરકાર (G2G) સેવાને સાકાર કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
- આ પોર્ટલ કેટલાક રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો જેમ કે મનરેગા, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, સંકલિત વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ, ડ્રોપ મોર ક્રોપ વગેરે હેઠળ બનાવેલા જિયોટેગ્સના ભંડાર તરીકે પણ કાર્ય કરશે.
- આ પોર્ટલ વિશ્લેષણ સાધનો સાથે વિવિધ વિષયોના સ્તરો, બહુ–ટેમ્પોરલ ઉચ્ચ રીઝોલ્યુશન પૃથ્વી નિરીક્ષણ ડેટાને એકીકૃત કરશે.
- આયોજકો વિવિધ યોજનાઓ હેઠળ ભૂતકાળની સંપત્તિનું વિશ્લેષણ કરી શકશે અને ઓનલાઈન સાધનો દ્વારા નવા કાર્યની ઓળખ કરી શકશે.
- આ ઉપરાંત રાજ્યના વિભાગો હેઠળ યોગ્ય સત્તાવાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી યોજનાઓનું મુલ્યાંકન કરવામાં આવશે.

નોંધ : (1) ભુવન પોર્ટલએ એક પ્રકારનું વેબ પોર્ટલ છે. જેનો ઉપયોગ ઈન્ટરનેટ દ્વારા ભૌગોલિક માહિતી (ભૂ–અવકાશી માહિતી) અને સંબંધિત ભૌગલિક સેવાઓ શોધવા અને એક્સેસ કરવા માટે થાય છે.

(2) તે ભારત સરકાર તરફથી ઉપલબ્ધ માહિતી મુજબ દેશની વાસ્તવિક સીમાઓ દર્શાવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. કયા દિવસે 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 21 ઓગસ્ટ (B) 22 ઓગસ્ટ (C) 23 ઓગસ્ટ (D) 24 ઓગસ્ટ (D)

2. કયા ગુજરાતી સાહિત્યકારના જન્મદીનની યાદમાં 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) કવિ નર્મદ (B) દલપતરામ (C) પ્રેમાનંદ (D) દયારામ (A)

3. ગુજરાતી ગદ્યના પ્રણેતા શ્રી નર્મદશંકર લાલશંકર દવેનો જન્મ કયાં થયો હતો ?

(A) નવસારી (B) સુરત (C) બોટાદ (D) ચીખલી (B)

4. કયા સ્થળે ભારતના પ્રથમ 'સ્મોગ ટાવર'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) કોલકાત્તા (B) ચેન્નાઈ (C) બેંગ્લોર (D) દિલ્હી (D)

5. તાજેતરમાં શ્રીમતી નિર્મલા સિતારામને 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP) યોજના શરૂ કરી છે. આ યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ્સમાં શરૂ કરવામાં આવી હતી. જેની કિંમત 6 લાખ કરોડ રૂપિયા છે.

2. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે મહત્વની ઈન્ફ્રાસ્ટ્રકચર સંપત્તિને ચાર વર્ષમાં એટલે કે વર્ષ 2022 થી 2025 સુધીમાં ખાનગી ભાગીદારીમાં PPP મોડલ દ્વારા કે લીઝ પર આપીને ભંડોળ એકઠુ કરવાનું આયોજન કર્યુ છે.

3. આ યોજનામાં ખાનગી ક્ષેત્રને પણ સામેલ કરવામાં આવ્યું છે. તેમની પાસે અધિકારો હશે પણ પ્રોજેક્ટમાં માલિકી નહીં.

4. આ યોજના ભારતભરમાં ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવા માટે ભંડોળનો ઉપયોગ કરશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1, 2 અને 4 (A)

6. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા એક નવું ભૂ–સ્થાનિક યોજના પોર્ટલ 'યુક્તધારા' લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) ગ્રામિણ વિકાસ મંત્રાલય (B) સપાટી પરિવહન મંત્રાલય

(C) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (D) જળ સંસાધન અને નદી વિકાસ મંત્રાલય (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓપરેશન દેવી શક્તિ (Operation Devi Shakti)

ભારતે યુધ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાંથી પોતાના નાગરિકને બહાર કાઢવાના ઓપરેશનને 'ઓપરેશન દેવી શક્તિ' નામ આપવામાં આવ્યું છે.

- વિદેશમંત્રી શ્રી એસ જયશંકરે ભારતીય વાયુ સેના અને એર ઈન્ડિયાના આ પ્રયાસોની પ્રશંસા કરી હતી.
- 25 ભારતીય નાગરિકો સહિત 78 લોકોને દુશાંબે (તાજિકિસ્તાન)થી એર ઈન્ડિયાની વિશેષ ફલાઈટમાં ભારત લાવવામાં આવ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી.
- કાબુલમાં કથળતી સ્થિતિને જોતા ભારતે આ ઓપરેશન હેઠળ અત્યાર સુધીમાં અફઘાનિસ્તામાંથી 800 થી વધુ લોકોને સુરક્ષિત લાવ્યા છે.
- લગભગ 200 અફઘાન શીખો અને હિન્દુઓ હજુ પણ અફઘાનિસ્તાનમાં ફસાયેલા છે અને તેમણે કાબુલના કરતા પરવન ગુરદ્વારામાં આશરો લીધો છે.
- થોડા સમય પહેલા અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી તેમનું સૈન્ય હટાવ્યા બાદ અફઘાનિસ્તાનના કટ્ટરપંથી રાજકીય અને લશ્કરી સંગઠન તાલિબાને રાજધાની કાબુલ પર કબજો કર્યો હતો.
- ત્યારબાદ અફઘાનિસ્તાનની સ્થિતિ ખૂબજ અસ્થિર અને ચિંતાજનક બની છે.
- આવી સ્થિતિમાં તમામ દેશો તેમના નાગરિકોને બહાર કાઢવાના પ્રયાસો કરી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના અન્ય નાગરિક બચાવ મિશન

### વંદે ભારત મિશન (2020)

વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે વિવિધ દેશમાં લોકડાઉન લાદવામાં આવ્યું હતું.

- આથી વિવિધ દેશોમાં મુસાફરી પર પ્રતિબંધના કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે આ અત્યાર સુધીનું સૌથી મોટુ નાગરિક સ્થળાંતર ઓપરેશન છે.
- આ મિશન અંતર્ગત અત્યાર સુધીમાં લગભગ 32 લાખ મુસાફરોને સુરક્ષિત રીતે ઘરે લાવવામાં આવ્યા છે.

### ગલ્ફ વોર દરમિયાન સ્થળાંતર (1990-91)

વંદે ભારત મિશન પહેલાં વર્ષ 1990માં ગલ્ફ વોર દરમિયાન કુવૈતમાંથી ભારતીય નાગરિકોને લાવવાનું અત્યાર સુધીનું સૌથી મોટું ઓપરેશન હતું.

- ગલ્ફ વોર દરમિયાન લગભગ 1,77,000 ભારતીયો ફસાયેલા હતા.
- તે સમયે એર ઈન્ડિયાએ લગભગ 500 ફલાઈટ્સનું સંચાલન કર્યુ હતું.

## ઓપરેશન રાહત (2015)

વર્ષ 2015માં યમન કટોકટી દરમિયાન ભારતીય સશસ્ત્રો દળો દ્વારા શરૂ કરાયેલા 'ઓપરેશન રાહત' અંતર્ગત 41 દેશોના 940 વિદેશી નાગરિકો સાથે 4640 થી વધુ ભારતીય નાગરિકોને યમનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

- આ ઓપરેશન દરિયાઈ અને હવાઈ એમ બંને માર્ગે કરવામાં આવ્યું હતું.

## ઓપરેશન મૈત્રી (2015)

વર્ષ 2015ના નેપાળ ભૂકંપમાં બચાવ અને રાહત કામગીરી તરીકે ભારત સરકાર અને ભારતીય સશસ્ત્રો દળો દ્વારા ઓપરેશન મૈત્રી હાથ ધરવામાં આવ્યું હતું.

- આ અંતર્ગત ભારતીય સશસ્ત્ર દળોએ લગભગ 5188 લોકોને બહાર કાઢયા હતા, જ્યારે લગભગ 785 વિદેશી પ્રવાસીઓને ટ્રાન્ઝિટ વિઝા આપવામાં આવ્યા હતા.

## ઓપરેશન સુરક્ષિત ઘર વાપસી (2011)

લિબિયાના ગૃહ યુધ્ધમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બચાવવા માટે ભારત સરકારે 26 ફેબ્રુઆરી, 2011ના રોજ તેની શરૂઆત કરી હતી.

- આ ઓપરેશન ભારતીય નૌકાદળ અને એર ઈન્ડિયા દ્વારા દરિયાઈ માર્ગ અને હવાઈ માર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ ઓપરેશન અંતર્ગત લગભગ 15,000 નાગરિકોને બચાવવામાં આવ્યા હતા.

## ઓપરેશન સુકૂન (2006)

વર્ષ 2006માં લેબેનોન યુધ્ધ દરમિયાન લેબનોનમાં ફસાયેલા ભારત, શ્રીલંકા અને નેપાળના નાગરિકોની સુરક્ષિત ઘર વાપસી માટે ભારતીય નૌકાદળ દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

- આ ઓપરેશન અંતર્ગત લગભગ 2,280 લોકોને બચાવવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ગુરુ ગ્રંથ સાહિબના સ્વરૂપો

તાજેતરમાં ભારત અફઘાનિસ્તાનમાંથી 'ગુરુ ગ્રંથ સાહિબ' (શિખ ધર્મનું પવિત્ર પુસ્તક)ની ત્રણ સ્વરૂપ/ નકલો (Sarroops) લાવ્યું છે. હવે અફઘાનિસ્તાનમાં ફક્ત ત્રણ સ્વરૂપો બાકી છે.

- અફઘાનિસ્તાનમાં કુલ 13 સ્વરૂપો (પ્રત/નકલો) હતી, જેમાંથી સાત પહેલેથી જ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

## ગુરુ ગ્રંથ સાહિબની નકલો/ સ્વરૂપ વિશે

સ્વરૂપ એ ગુરુ ગ્રંથ સાહિબની શારીરિક અથવા ભૌતિક નકલ છે. જેને પંજાબીમાં બીર તીરકે ઓળખવામાં આવે છે.

- દરેક બીરમાં 1430 પાના હોય છે. જેને અંગ કહેવામાં આવે છે. દરેક પાના પર શ્લોકો સમાન રહે છે.
- શીખ ધર્મના લોકો ગુરુ ગ્રંથ સાહિબના સ્વરૂપને જીવંત ગુરુ માને છે અને તેને અત્યંત આદર સાથે રાખે છે.
- તેઓ માને છે કે શિખ ધર્મના 10 ગુરુઓમાં અલગ–અલગ શરીરોમાં એક જ આત્મા હતી. તથા ગુરુ ગ્રંથ સાહિબ તેમનું શાશ્વત શારીરિક અને આધ્યાત્મિક સ્વરૂપ છે.

- ગુરુ અર્જુન દેવે (શિખ ધર્મના પાંચમા ગુરુ) ઈ.સ. 1604માં ગુરુ ગ્રંથ સાહિબની પ્રથમ બીરનું સંકલન કર્યુ અને તેને અમૃતસરના સુવર્ણ મંદિરમાં સ્થાપિત કર્યુ હતું.
- ત્યારબાદ ગુરુ ગોવિંદ સિંહે (દસમા ગુરુ) તેમના પિતા ગુરુ તેગબહાદુર (નવમાં ગુરુ) દ્વારા લખાયેલા શ્લોકો ઉમેર્યા અને બીજી અને છેલ્લી વખત બીરનું સંકલન કર્યુ.
- ઈ.સ. 1708માં ગુરુ ગોવિંદ સિંહે ગુરુ ગ્રંથ સાહિબને શીખોના જીવંત ગુરુ તરીકે જાહેર કર્યા હતા.
- ગુરુ ગ્રંથ સાહિબ છ શિખ ગુરુઓ અને 15 સંતો દ્વારા લખાયેલા ભજનોનો એક સંગ્રહ છે. જેમાં ભગત કબિર, ભગત રવિદાસ, શેખ ફરીદ, ભગત નામદેવ, 11 ભટ્ટ(ગીતકાર) અને 4 શિખનો સમાવેશ થાય છે.
- શ્લોકો 13 રાગમાં રચાયેલા છે.
- શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટિ (SGPC) પાસે ગુરુ ગ્રંથ સાહિબના બીરને પ્રકાશિત કરવાનો ઈજારો છે અને તે અમૃતસરમાં પ્રકાશિત થાય છે.
- આદર્શ સંજોગોમાં ગુરુ ગ્રંથ સાહિબને એક જગ્યાએથી બીજી જગ્યાએ સથળાંતરિત કરવા માટે પાંચ બપતિસ્મા (Baptism) પામેલા શીખો જરૂરી છે. આદરની નીશાની તરીકે ગુરુ ગ્રંથ સાહિબમાંથી બીર માથે મુકવામાં આવે છે અને વ્યક્તિ ઉઘાડ પગું ચાલે છે.
- ગુરુદ્વારામાં સ્વરૂપ માટે એક અલગ વિશ્રામ સ્થળ છે, જેને 'સુખ આસન સ્થાન' અથવા 'સચખંડ' કહેવામાં આવે છે. જ્યાં ગુરુ રાત માટે આરામ કરે છે.

## શીખ ધર્મ

- પંજાબી ભાષામાં 'શીખ' શબ્દનો અર્થ 'શિષ્ય' થાય છે.
- શીખ ભગવાનના શિષ્ય છે, જે દસ ગુરુઓના લખાણ અને ઉપદેશોને અનુસરે છે.
- શીખ એક ઈશ્વરમાં માને છે (એક ઓમકાર) અને તેમના સંપ્રદાયને ગુરમત (ગુરુનો માર્ગ) કહે છે.
- શીખ ધર્મની સ્થાપના ગુરુનાનક દ્વારા કરવામાં આવી હતી.
- શીખ ધર્મમાં કુલ દસ ગુરુઓ થઈ ગયા છે.
- શીખ ધર્મનો વિકાસ ભક્તિ ચળવળ અને વૈષ્ણવ હિન્દુ ધર્મથી પ્રભાવિત હતો.
- ગુરુ ગોવિંદ સિંહે ખાલસા (જેનો અર્થ 'શુધ્ધ') સંપ્રદાયની સ્થાપના કરી હતી જે સૈનિક–સંતોનો વિશિષ્ટ સમૂહ હતો.
- ખાલસા પ્રતિબધ્ધતા સમર્પણ અને સામાજિક અંતરાત્માના સર્વોચ્ચ શીખ ગુણોનું ઉદાહરણ આપે છે અને સંપ્રદાયના પાંચ નિર્ધારિત ભૌતિક પદાર્થોને મુર્તિમંત કરે છે જે આ મુજબ છે :

  (1) કેશ (વાળ ન કાપવા), (2) કાંઘ (લાકડાનો કાંસકો), (3) કડા, (4) કચ્છા, (5) કિર્પણ (લોખંડની કટારી)

  નોંધ : (1) આદિ ગ્રંથને શીખ ધર્મએ શાશ્વત ગુરુનો દરજ્જો આપ્યો છે અને આ કારણસર 'ગુરુ ગ્રંથ સાહિબ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

  (2) શિખ ધર્મના છેલ્લા 'ગુરુ ગોવિંદ સિંહ' હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ફિલિપાઈન્સે દક્ષિણ ચીન સમુદ્રમાં નૌકા કવાયત હાથ ધરી

ભારત અને ફિલિપાઈન્સે <u>23 ઓગસ્ટ, 2021</u>ના રોજ દક્ષિણ ચીન સમુદ્રમાં નૌકા કવાયત હાથ ધરી હતી.


- આ કવાયત વિયેતનામ સાથે આ ક્ષેત્રમાં એક સમાન કવાયત હાથ ધર્યાના પાંચ દિવસ પછી યોજવામાં આવી હતી.
- આ કવાયત સ્થિર, શાંતિપૂર્ણ અને સમૃધ્ધ ઈન્ડો–પેસિફિક સુનિશ્ચિત કરવાના સામુહિક ઉદ્દેશ તરફ દરિયાઈ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરશે.
- ભારતીય નૌકાદળે તેના માર્ગદર્શિત મિસાઈલ વિનાશક <u>INS રણવિજય</u> અને <u>માર્ગદર્શિત મિસાઈલ કોર્વેટ INS કોરને</u> તૈનાત કર્યા હતા.
- જ્યારે ફિલિપાઈન્સ નૌકાદળે કવાયતમાં તેના યુધ્ધ જહાજ BRP Antonio Lunaને તૈનાત કર્યુ હતું.
- નોંધનીય છે કે <u>INS રણવિજય</u> અને <u>INS કોરાને</u> પશ્ચિમ પેસિફિકમાં ભાગીદાર દેશો સાથે દરિયાઈ સુરક્ષા સહકારને મજબૂત કરવા માટે તૈનાત કરવામાં આવ્યા છે.

નોંધ : (1) દક્ષિણ ચીન સમુદ્ર દક્ષિણ ચીન, ઈન્ડો–ચાઈનીઝ દ્રીપકલ્પ, તાઈવાનના ટાપુઓ, ફિલિપાઈન્સના ટાપુઓ, પૂર્વ સુમાત્રા અને બાંગકા બેલીટંગ ટાપુઓથી ઘેરાયેલો છે.

(2) ચીન આ સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર સાર્વભૌમત્વ હોવાનો દાવો કરે છે.

(3) વિશ્વના દરિયાઈ શિપિંગનો ત્રીજો ભાગ આ પ્રદેશમાંથી પસાર થાય છે.

(4) આ પ્રદેશ હાઈડ્રોકાર્બનનો મુખ્ય સ્ત્રોત છે.



1. તાજેતરમાં અફઘાનિસ્તાન યુધ્ધ વિસ્તારમાંથી ભારતીય નાગરિકોને સુરક્ષિત ભારત લાવવામાં આવ્યા હતા. જેને કયું નામ આપવામાં આવ્યું છે ?

(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન દેવી શક્તિ
(C) ઓપરેશન મૈત્રી (D) ઓપરેશન સુકૂન

(B)

2. અનિવાર્ય સંજોગોમાં વિદેશમાંથી ભારતીય નાગરિકોને પાછા લાવવાનું અત્યાર સુધીનું સૌથી મોટુ ઓપરેશન કયું છે ?

(A) વંદેભારત મિશન (B) ઓપરેશન મૈત્રી
(C) ગલ્ફ વોર દરમિયાન (D) ઓપરેશન ઘર વાપસી

(A)

3. તાજેતરમાં ભારત અફઘાનિસ્તાનમાંથી 'ગુરુ ગ્રંથ સાહિબ'ના કેટલા સ્વરૂપ લાવ્યું છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(C)

4. ગુરૂ ગ્રંથ સાહિબની નકલો/ સ્વરૂપ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સ્વરૂપ એ ગુરુ સાહિબની શારીરિક અથવા ભૌતિક નકલ છે. જેને પંજાબીમાં બીર તરીકે ઓળખવામાં આવે છે.

2. દરેક બીરમાં 1430 પાના હોય છે. જેને અંગ કહેવામાં આવે છે.

3. શીખ ધર્મના લોકો ગુરુ ગ્રંથ સાહિબના સ્વરૂપને જીવંત ગુરુ માને છે.

4. ઈ.સ. 1708માં ગુરૂ ગોવિંદ સિંહે ગુરુ ગ્રંથ સાહિબને શીખોના જીવંત ગુરૂ તરીકે જાહેર કર્યા હતા.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

(D)

5. શીખ ધર્મમાં કુલ કેટલા ગુરુની કલ્પના કરવામાં આવી છે ?

(A) 10 (B) 9 (C) 8 (D) 7

(A)

6. તાજેતરમાં ભારત–ફિલિપાઈન્સે કયા સમુદ્રમાં નૌકા કવાયત હાથ ધરી હતી ?

(A) દક્ષિણ ચીન સમુદ્રમાં (B) અરબ સાગર (C) હિન્દ મહાસાગર (D) બંગાળની ખાડી

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 37મી 'પ્રગતિ' (PRAGATI) બેઠકની અધ્યક્ષતા કરી

વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ 25 ઓગસ્ટ, 2021ના રોજ '<u>પ્રગતિ</u>' (PRAGATI)ની <u>37મી</u> બેઠકની અધ્યક્ષતા કરી હતી.

- આ બેઠક દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ '<u>વન નેશન– વન રેશન કાર્ડ</u>' યોજના સહિત <u>1,26,000 કરોડ રૂપિયાના</u> વિવિધ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી.
- પ્રગત્તિ બેઠક <u>દર મહિનામાં</u> એકવાર <u>ચોથા બુધવારે</u> બપોરે <u>3:30 કલાકે</u> યોજાય છે. આ દિવસને <u>પ્રગતિ દિવસ</u> કહેવામાં આવે છે.

### PRAGATI

'PRAGATI' નું પૂરું નામ "<u>Pro- Active Governance and Timely Implementation</u>" છે.

- પ્રગતિ એક એવુ મંચ છે જે વડાપ્રધાનને કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓ સાથે ભૂમિ સ્તરની પરિસ્થિતિની સંપૂર્ણ માહિતી અને દશ્યો સાથે મુદ્દાઓની ચર્ચા કરવામાં સક્ષમ બનાવે છે.
- આ પ્લેટફોર્મ વર્ષ <u>2015</u>માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- '<u>નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર</u>' (NIC)ની મદદથી '<u>પ્રધાનમંત્રી કાર્યાલય</u>' (PMO)ની ટીમ દ્વારા તેની રચના કરવામાં આવી છે.
- તે વડાપ્રધાનને વિવિધ મુદ્દાઓ પર ગ્રાઉન્ડ લેવલની માહિતી મેળવવા માટે કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓ સાથે વાત કરવા સક્ષમ બનાવે છે.
- આ પ્લેટફોર્મ ત્રણ પ્રકારની નવીનતમ ટેકનોલોજીને એક સાથે લાવે છે : ડિજિટલ ડેટા મેનેજમેન્ટ, વિડીયો કોન્ફરન્સિંગ અને જિયોસ્પેસિયલ ટેક્નોલોજી.
- તે ત્રી–સ્તરીય સિસ્ટમ છે જેમાં <u>PMO</u>, <u>કેન્દ્ર સરકારના સચિવો</u> અને <u>રાજ્યના મુખ્ય સચિવોનો</u> સમાવેશ થાય છે.

### ઉદ્દેશો

- પ્રગતિના મુખ્ય ત્રણ ઉદ્દશો છે :

(1) ફરિયાદ નિવારણ

(2) કાર્યક્રમ અમલિકરણ

(3) પ્રોજેક્ટ મોનીટરીંગ

### મહત્વ

- તે ભારત સરકારના સચિવો અને રાજ્યોના મુખ્ય સચિવોને સાથે લાવીને દેશમાં '<u>સહકારી સંઘવાદ</u>'ને પ્રોત્સાહન આપે છે.
- તે એક મજબૂત સિસ્ટમ છે જે વાસ્તવિક સમયની હાજરી અને હિસ્સેદારો વચ્ચે આદાન–પ્રદાન દ્વારા <u>ઈ–પારદર્શિતા</u> અને <u>ઈ–જવાબદારી</u> લાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જળશક્તિ મંત્રાલય દ્વારા 'સુજલામ' અભિયાન શરૂ કરવામાં આવ્યું

જળ શક્તિ મંત્રાલયે 25 ઓગસ્ટ, 2021ના રોજ સુજલામ (SUJALAM) અભિયાન શરૂ કર્યુ હતું.

- 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીના ભાગરૂપે 'સુજલામ અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. તે 100 દિવસનું અભિયાન છે.
- આ અભિયાન ભારતના તમામ ગામોમાં 'વેસ્ટ વોટર મેનેજમેન્ટ' દ્વારા વધુને વધુ ODF+ ગામોનું નિર્માણ કરશે.
- આ અભિયાન દરમિયાન ગામડાઓમાં દસ લાખ સોક–ખાડા બનાવવામાં આવશે.
- નોંધનીય છે કે ગામડાઓમાં કે ગામની હદમાં ગટર અને પાણીનો નિકાલ એક મોટી સમસ્યા રહે છે.
- આ અભિયાન વેસ્ટ વોટર મેનેજમેન્ટમાં મદદ કરશે તેમજ જળાશયોને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે.
- આ અભિયાન અંતર્ગત ગામડાઓ માટે ODP+ દરજ્જો પ્રાપ્ત કરવા તરફ પ્રયાસો કરવામાં આવશે.
- આ ઉપરાંત 'સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણ'ના તબક્કા–2ની પ્રવૃતિઓને આ અભિયાન દ્વારા સમુદાયની ભાગીદારી દ્વારા વેગ આપવામાં આવશે અને આ ODF + પ્રવૃતિઓ વિશે વધુ જાગૃતિને પ્રોત્સાહન આપશે.

નોંધ : (1) સ્વચ્છ ભારત મિશન–શહેરી (SBM-Urban) યોજના હેઠળ 'ઓપન ડેફીકેશન ફ્રી' (ODF) (ખુલ્લામાં શૌચ મુક્ત)નો દરજ્જો પ્રાપ્ત કર્યા પછી શહેરો દ્વારા કરવામાં આવેલા કામને વધારવા અને ટકાવી રાખવાના ઉદ્દેશ સાથે વર્ષ 2018માં લોન્ચ કરવામાં આવી હતી.

(2) ODF+નું પ્રાથમિક ધ્યાન પાણી જાળવણી અને સ્વચ્છતા શૌચાલય પર છે. જ્યારે ODF++ મુખ્યત્વે કચરો અને સ્ટેપેજ મેનેજમેન્ટ સાથે શૌચાલય પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સ્માર્ટ બેન્કિંગ માટે EASE 4.0 લોન્ચ કર્યુ

તાજેતરમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને 'જાહેર ક્ષેત્રની બેન્કો' (PSB)ની વાર્ષિક કામગીરીની સમીક્ષા કરી હતી અને 'EASE 4.0' પ્રોગ્રામ લોન્ચ કર્યો હતો.

- EASE 4.0 જાહેર ક્ષેત્રની બેંકો માટે સામાન્ય સુધારણા એજન્ડા છે. જેનો મુખ્ય ઉદ્દેશ સ્વચ્છ અને સ્માર્ટ બેન્કિંગને સંસ્થાગત બનાવવાનો છે.

### EASE 4.0

EASE નું પૂરું નામ 'Enhanced Access and Service Excellence Reform Agenda' છે.

- EASE 4.0 ગ્રાહક કેન્દ્રિત ડિજિટલ પરિવર્તનના એજન્ડાને આગળ ધપાવવા માટે 'જાહેર ક્ષેત્રની બેન્કો'ને ટેક્નોલોજી સક્ષમ, સરળ અને સહયોગી બેન્કિંગ માટે પ્રતિબધ્ધ કરે છે.
- EASE 4.0 અંતર્ગત નીચે મુજબના વિષયો સૂચવવામાં આવ્યા છે :

(A) 24×7 બેન્કિંગ : બેન્કિંગ સેવાઓની એકીકૃત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે EASE 4.0 અંતર્ગત લવચીક ટેક્નોલોજી સાથે નવા યુગની 24×7 બેન્કિંગ થીમ રજૂ કરવામાં આવી છે.

(B) <u>ઉત્તર–પૂર્વીય રાજ્યો પર ધ્યાન કેન્દ્રીત કરવું</u> : બેન્કોને ઉત્તર–પૂર્વ રાજ્યો માટે ખાસ યોજના તૈયાર કરવા માટે પણ વિનંતી કરવામાં આવી છે.

(C) <u>બેન્કિંગ ક્ષેત્રના બ્રાહ્ય ક્ષેત્રોમાંથી સંપત્તિનું સર્જન</u> : બદલતા સમય સાથે ઉદ્યોગો પાસે હવે બેન્કિંગ ક્ષેત્રના બાહ્ય ક્ષેત્રોમાંથી પણ સંપત્તિ ઊભી કરવાનો વિકલ્પ છે.

(D) <u>ફિનટેક સેકટરનો લાભ</u> : ફિનટેક (ફાઈનાન્સિયલ ટેક્નોલોજી) એક એવું ક્ષેત્ર છે જે બેન્કોને તકનીકી સહાય પૂરી પાડી શકે છે તેમજ બેન્કિંગ ક્ષેત્રની સહાયથી લાભ મેળવી શકે છે.

(E) <u>નિકાસ પ્રોત્સાહન</u> : 'એક જિલ્લો, એક નિકાસ' એજન્ડાને આગળ વધારવા માટે બેન્કોને રાજ્ય સરકારો સાથે નજીકથી કામ કરવા વિનંતી કરવામાં આવશે.

નોંધ : (1) EASE એજન્ડા <u>જાન્યુઆરી 2018</u>માં સરકાર અને જાહેર ક્ષેત્રોની બેન્કો દ્વારા સંયુક્ત રીતે લોન્ચ કરવામાં આવ્યો હતો.

(2) તે <u>ઈન્ડિયન બેન્કસ એસોસિએશન</u> અને <u>બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ</u> દ્વારા બનાવવામાં આવ્યું હતું.




# THURSDAY Questions

1. તાજેતરમાં 'પ્રગતિ' (Pro-Active Governance and Timely Implemenation)ની કેટલામી બેઠક યોજાઈ હતી ?

(A) 36મી (B) 37મી (C) 38મી (D) 39મી **(B)**

2. 37મી 'પ્રગતિ' બેઠકની અધ્યક્ષતા કોણે કરી હતી ?

(A) શ્રી અમિતભાઈ શાહ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી

(C) શ્રીમતી નિર્મલા સીતારામન (D) શ્રી રાજનાથ સિંહ **(B)**

3. પ્રગતિ (PRAGATI) પ્લેટફોર્મ કયા વર્ષે લોન્ચ કરવામાં આવ્યું હતું ?

(A) 2015 (B) 2014 (C) 2013 (D) 2012 **(A)**

4. 'પ્રગતિ' પ્લેટફોર્મ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પ્રગત્તિ એક એવું મંચ છે જે વડાપ્રધાનને કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓ સાથે ભૂમિ સ્તરની પરિસ્થિતિની સંપૂર્ણ માહિતી અને દશ્યો સાથે મુદ્દાઓની ચર્ચા કરવામાં સક્ષમ છે.

2. આ પ્લેટફોર્મ વર્ષ 2015માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

3. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરની મદદથી PMOની ટીમ દ્વારા તેની રચના કરવામાં આવી હતી.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા 'સુજલામ અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે ?

(A) જળ શક્તિ મંત્રાલય (B) કૃષિ અને ખેડૂત મંત્રાલય

(C) કાપડ મંત્રાલય (D) પ્રવાસન મંત્રાલય **(A)**

6. નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સ્માર્ટ બેન્કિંગ માટે EASEની કેટલામી આવૃત્તિ લોન્ચ કરી છે ?

(A) 2.0 (બીજી) (B) 3.0 (ત્રીજી) (C) 4.0 (ચોથી) (D) 5.0 (પાંચમી) **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માલાબાર અભ્યાસ 2021

તાજેતરમાં 'ક્વાડ જૂથ'માં સમાવિષ્ટ દેશોની નૌકાદળોએ 'માલાબાર અભ્યાસ'ની 25મી આવૃત્તિમાં ભાગ લીધો હતો.

- જે પ્રશાંત મહાસાગરમાં 'ગુઆમ કોસ્ટ'થી શરૂ કરવામાં આવી હતી.
- 'ગુઆમ', ઉત્તર પ્રશાંત મહાસાગરમાં (પેસિફિક) એક અમેરિકન ટાપુ પ્રદેશ છે.

### માલાબાર અભ્યાસ

ભારત અને અમેરિકા વચ્ચે સૌપ્રથમ વખત 1992માં 'માલાબાર' નામના દ્વિપક્ષીય નૌસેના અભ્યાસનો પ્રારંભ થયો હતો.

- ત્યારબાદ વર્ષ 2015માં આ અભ્યાસમાં જાપાનનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આથી, વર્ષ 2015થી માલાબાર અભ્યાસ ત્રિપક્ષીય સૈન્ય અભ્યાસ બની ગયો હતો.
- ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં ચીનના વધતા વર્ચસ્વને મર્યાદિત કરવા માટે ભારતની વિનંતી પર ઓસ્ટ્રેલિયા પણ વર્ષ 2020માં માલાબાર અભ્યાસમાં જોડાયું હતું.
- આ એક દાયકામાં પ્રથમ વખત હતું કે 'માલાબાર અભ્યાસ 2020'માં ચારેય ક્વાડ સભ્યોની ભાગીદારી જોવા મળી.
- વર્ષ 2021માં યોજનાર આ 25મો માલાબાર અભ્યાસ છે.
- ચાર ક્વાડ દેશો દ્વારા યોજનાર આ અભ્યાસ ચીન સામે વિશેષ કૂટનીતિક મહત્વ ધરાવે છે. જે ચીન સામે આ ચાર દેશોની એકતા તથા સંરક્ષણ તાકાતને પ્રદર્શિત કરે છે.

નોંધ : (1) ભારતના પરમાણુ પરીક્ષણોની પૃષ્ઠભૂમિમાં 1996 થી 2000 સુધી આ અભ્યાસ સ્થગિત રાખવામાં આવ્યો હતો.

(2) માલાબાર અભ્યાસ 2002થી વાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ક્વાડ (QUAD)

QUADને 'QSD' તરીકે ઓળખવામાં આવે છે.

- QSDનું પૂરું નામ 'Quadrilateral Security Dialogue' છે. જેને QUAD (ક્વાડ) તરીકે ઓળખવામાં આવે છે.
- જાપાનના રાષ્ટ્રપતિ શ્રી શિન્ઝો આબે દ્વારા ભારતના વડાપ્રધાન શ્રી ડૉ. મનમોહન સિંઘ, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ શ્રી ડિક ચેની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી જોન હોવાર્ડના સહયોગથી 2007માં આ ડાયલોગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- જેનો વર્ષ 2008માં અંત આવ્યો હતો.
- જોકે, વર્ષ 2017માં આ ગ્રુપને ફરીથી સંગઠિત કરવામાં આવ્યું હતું.

- ક્વાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

  નોંધ : (1) આ અગાઉ વર્ષ 2017માં ચાર ક્વાડ દેશો અને સિંગાપોર વચ્ચે 'માલાબાર અભ્યાસ'નું આયોજન થયું હતું. જેમાં ચાર ક્વાડ દેશો પ્રથમ વખત આ અભ્યાસમાં એક સાથે જોડાયા હતા. પરંતુ તેમાં ક્વાડ દેશો સાથે સિંગાપોરે પણ ભાગ લીધો હતો.

  (2) આથી, વર્ષ 2020માં યોજાયેલ 'માલાબાર અભ્યાસ' ફક્ત ચાર ક્વાડ દેશોની નૌસેના વચ્ચે યોજાયેલ પ્રથમ અભ્યાસ હતો.

## સ્ટોકહોમ 'વિશ્વ જળ સપ્તાહ 2021' (Stockholm World Water Week 2021)

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ (SIWI) દ્વારા 23 ઓગસ્ટથી 27 ઓગસ્ટ, 2021 સુધી સ્ટોકહોમ વર્લ્ડ વોટર સપ્તાહનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું.

- સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ભારતની એકમાત્ર નાગરિક સંસ્થા હતી જેને "ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ સિટીઝ" વિષય પર પેનલ ચર્ચા માટે આમંત્રિત કરવામાં આવી હતી.
- 'વિશ્વ જળ સપ્તાહ' વૈશ્વિક જળ સમસ્યાઓ પર ચર્ચા કરવા માટે આયોજિત એક મુખ્ય વાર્ષિક કાર્યક્રમ છે.
- વર્ષ 1991થી 'સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ' (SIWI) દ્વારા તેનું આયોજન કરવામાં આવે છે.
- 135 દેશના લગભગ 4000 સહભાગીઓએ આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.
- વિશ્વ જળ સપ્તાહ 2021માં આબોહવા સંકટ, પાણીની અછત, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય, જૈવવિવિધતા અને કોવિડ–19 મહામારીની અસરો જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- આ ઈવેન્ટમાં 'સ્ટોકહોમ જુનિયર વોટર પ્રાઈઝ' નામની પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધા અને સ્ટોકહોમ વોટર પ્રાઈઝ માટેના એવોર્ડનો પણ સમાવેશ થાય છે.
- આ અંતર્ગત અમેરિકાના ઈશાની ઝાને પાણીમાંથી અશુધ્ધિઓ દૂર કરવા અંગેના સંશોધન માટે 2021નો સ્ટોકહોમ જુનિયર વોટર પ્રાઈઝ એવોર્ડ મળ્યો છે.
- વિશ્વ જળ સપ્તાહ 2021ની થીમ **"Building Resilience Faster'** હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ચીન 'Shared Destiny - 2021' અભ્યાસ નું આયોજન કરશે


<u>ચીન, મંગોલિયા, થાઈલેન્ડ અને પાકિસ્તાનની</u> સેનાઓ <u>**'Shared Destiny-2021'**</u> નામની બહુરાષ્ટ્રીય શાંતિ જાળવણી અભ્યાસમાં ભાગ લેશે.

- પીપલ્સ લિબરેશન આર્મી દ્વારા <u>**6 થી 15 સપ્ટેમ્બર, 2021**</u> દરમિયાન ચીનના મધ્ય <u>હેનાન પ્રાંત</u>ના સંયુક્ત આર્મ્સ ટેક્ટિકલ ટ્રેનિંગ બેઝ ખાતે તેનું આયોજન કરવામાં આવશે.
- ચાર દેશો સાથે સંકળાયેલી આ પ્રથમ બહુરાષ્ટ્રીય શાંતિ જાળવણી કવાયત છે.
- ભાગ લેનારા તમામ દેશો આ અભ્યાસનો ભાગ બનવા માટે <u>**1000 સૈનિકો**</u>ને મોકલશે.
- આ અભ્યાસમાં યુદ્ધભૂમિની રિકોનિસન્સ, સુરક્ષા રક્ષકો અને પેટ્રોલિંગ, નાગરિકોનું રક્ષણ, હિંસક અને આતંકવાદી હુમલાઓનો પ્રતિભાવ, કામચલાઉ ઓપરેશન બેઝ અને યુદ્ધભૂમિ પ્રાથમિક સારવાર અને મહામારી નિયંત્રણનું નિર્માણ કરીને વાતાવરણ બનાવશે.

નોંધ : (1) હેનાન ચીનનો એક <u>લેન્ડલોક પ્રાંત</u> છે અને તેને ઘણીવાર ઝાંગયુઆન અથવા ઝોંગઝોઉ તરીકે ઓળખવામાં આવે છે.

(2) હેનાન પ્રાંત <u>ચીની સંસ્કૃતિનું</u> જન્મસ્થળ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FRIDAY Questions

1. વર્ષ 2021માં માલાબાર અભ્યાસની કેટલામી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 24મી (B) 25મી (C) 26મી (D) 27મી **(B)**

2. વર્ષ 2021માં ભારત અને કયા દેશે 'માલાબાર અભ્યાસ'માં ભાગ લીધો હતો ?

(A) ઓસ્ટ્રેલિયા (B) જાપાન (C) અમેરિકા (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

3. ભારત અને કયા દેશ વચ્ચે સૌપ્રથમ વખત વર્ષ 1992માં 'માલાબાર' નામના દ્વિપક્ષીય નૌસેના અભ્યાસનો પ્રારંભ થયો હતો ?

(A) 1992 (B) 1994 (C) 1996 (D) 1998 **(A)**

4. ક્વાડ (QUAD)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) QUADને 'QSD' તરીકે ઓળખવામાં આવે છે.

(B) જેમાં QSDનું પૂરું નામ 'Quadrilateral Security Dialogue' છે.

(C) ક્વાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

5. 'સ્ટોક હોમ જળ સપ્તાહ 2021' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) SIWI દ્વારા 23 ઓગસ્ટથી 27 ઓગસ્ટ 2021 દરમિયાન તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

(B) વિશ્વ જળ સપ્તાહ 2021ની થીમ 'Building Resilience Faster' હતી.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

6. કયા દેશ વચ્ચે 'Shared Destiny-2021' અભ્યાસનું આયોજન થશે ?

(A) ચીન (B) મંગોલિયા અને થાઈલેન્ડ

(C) પાકિસ્તાન (D) ઉપરોક્ત તમામ દેશો વચ્ચે **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **GIDCની 4 નીતિ વિષયક યોજનાઓ જાહેર**

કોવિડ–19ની બીજી લહેર બાદ રાજ્યમાં MSME સહિતના ઔદ્યોગિક એકમો પુનઃ બેઠા થઈ શકે તે ઉદ્દેશ્યથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ–GIDCએ તાજેતરમાં 4 નીતિ વિષયક યોજનાઓ જાહેર કરી હતી. જેનાથી 224 GIDC ના 50000 થી વધુ ઉદ્યોગોને રૂ. 500 કરોડનો ફાયદો થશે. અગાઉની નીતિ હેઠળ જે એકમો સમય મર્યાદાનો લાભ મેળવી શક્યા નથી તેમને માર્ચ 2023 સુધી વપરાશની સમય મર્યાદા વધારવામાં આવી છે. આ ચાર નીતિ વિષયક યોજના આ મુજબ છે : (1) પ્લોટ ફાળવણી બાદ જે ઉદ્યોગકારોને ઉત્પાદન શરૂ કરવાની સમય મર્યાદા ચૂકી ગયા છે, તેનો મોરેટોરિય પિરિયડ વધુ એક વર્ષ પેનલ્ટી વસૂલ કર્યા વગર વધારી અપાશે. (2) પ્લોટ અને બહુમાળી શેડ્સની ફાળવણીના દરોમાં પ્રતિ વર્ષ વધારો થયા કરે છે. જે ચાલુ નાણાકીય વર્ષ 2021-22 માટે વધારો નહીં થાય. ગયા વર્ષના રેટ્સ યથાવત રહેતા ઉદ્યોગકારોને રૂ. 26 કરોડના ફાયદો થશે. (3) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પર્યાવરણના અભ્યાસ માટે ઉદ્યોગકારોની માંગણી મૂજબ 138 GIDCને રૂ. 71.30 કરોડનો લાભ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. (4) વર્ષ 2009 થી GIDCમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર એપગ્રેડેશન ફંડની રચના થઈ છે. જેના હેઠળ જે તે GIDCમાં પ્રતિ ચો.મી રૂપિયા પાંચ લેખે વસૂલાત થાય છે. તેમાંથી ત્રણ રૂપિયા GIDC રાખે છે અને બે રૂપિયા જે તે એસોસિએશનને GIDCની નિભાવણી માટે આપવામાં આવે છે. આ ફંડમાં અસંખ્ય વિવાદો થતા ઉકેલ રૂપે 59 GIDC એસોસિએશનને રૂ. 33.24 કરોડ આપવાનો નિર્ણય કર્યો છે.

➤ **IT ક્ષેત્રે વિશ્વની અગ્રણી કંપની IBM અમદાવાદમાં અત્યાધુનિક સોફ્ટવેર લેબની સ્થાપના કરશે.**

IT ક્ષેત્રે વિશ્વની અગ્રણી કંપની IBM અમદાવાદમાં અત્યાધુનિક સોફ્ટવેર લેબની સ્થાપના કરશે. આ લેબ અમદાવાદમાં સ્ટેટ ઓફ ધ આર્ટ પ્રોડક્ટ એન્જિનીયરીંગ, ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર તરીકે અદ્યતન સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે IBM ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંદિપ પટેલ અને IBM સોફ્ટવેર લેબના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સંદિપ પટેલ અને IBM સોફ્ટવેર લેબના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ગૌરવ શર્માની ગાંધીનગરમાં યોજાયેલી ફળદાયી મૂલાકાત બેઠક દરમિયાન તેમણે આ જાહેરાત કરી હતી. આ સેન્ટર રાજ્યના યુવાનો માટે નવા રોજગાર અવસાર ઊભા કરશે અને ડિજિટલ ટેક્નોલોજી ક્ષેત્રે વિશ્વ કક્ષાના કૌશલ્યવર્ધન ક્ષમતાનો પણ રાજ્યમાં વિકાસ થશે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

## ભારત

➤ **NTPCએ 25 મેગાવોટનો ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ શરૂ કર્યો**

NTPC લિમિટેડ વિશાખાપટ્ટનમમાં સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પી.વી પ્રોજેક્ટ શરૂ કર્યો છે. સિંહાદ્રી થર્મલ પાવર સ્ટેશનના જળાશય પર તે 25 મેગાવોટનો પ્રોજેક્ટ છે. આ પ્રથમ સોલાર પ્રોજેક્ટ છે જે ફ્લેક્સિબિલિઝેશન સ્કીમ હેઠળ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારે વર્ષ 2018માં સુચિત કર્યો હતો. ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટમાં અનન્ય એન્કરિંગ ડિઝાઈન છે. તે 75 એકરના જળાશય વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. સિંહાદ્રી થર્મલ પાવર સ્ટેશન 2000 MW કોલસા આધારિત વીજળી પ્રોજેક્ટ છે જે 20 વર્ષથી કાર્યરત છે. આ પ્રોજેક્ટમાં 1 લાખથી વધુ સોલાર પી.વી. પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવશે.

➤ **મદ્રાસ દિવસ**

દર વર્ષે 22 ઓગસ્ટને ચેન્નાઈમાં 'મદ્રાસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ચેન્નાઈ શહેરમાં રહેતા લોકો માટે આ દિવસ ખૂબ મહત્વનો છે, કારણ કે મદ્રાસ શહેરની સ્થાપના વર્ષ 1639માં આજના દિવસે થઈ હતી. નોંધનીય છે કે 22 ઓગસ્ટ, 1639ના રોજ મદ્રાસપટ્ટનમ ગામને 'ઈસ્ટ ઈન્ડિયા કંપની' દ્વારા સ્થાનિકો પાસેથી ખરીદવામાં આવ્યું હતું. જોકે કરારની ચોક્કસ તારીખ અંગે વિવાદ થયો છે. પરંતુ 22 ઓગસ્ટને યોગ્ય તારીખ માનવામાં આવેછે. આ કરાર ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારી 'ફ્રાન્સિસ ડે' અને તત્કાલીન સ્થાનિક શાસકો વચ્ચે થયો હતો. ધીમે ધીમે આ વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારની વસતી વધવા લાગી અને થોડા સમય પછી આજુબાજુના ગામો ઈસ્ટઈન્ડિયા કંપની દ્વારા ખરીદવામાં આવ્યા. આ નવા અને જૂના વિસ્તારને ભેગા કરીને એક નવું મદ્રાસ શહેર રચાયું. 'મદ્રાસ ડે'ની કલ્પના વર્ષ 2004માં ચેન્નાઈ સ્થિત પત્રકાર વિન્સેન્ટ ડિસોઝા દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **INS શક્તિ 100 ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજન લઈને શ્રીલંકા પહોંચ્યું**

ઈન્ડિયન નેવલ શિપ (INS) શક્તિ Covid-19 મહામારી સામે લડવામાં મદદ કરવા માટે 22 ઓગસ્ટ, 2021ના રોજ 100 ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજન લઈને શ્રીલંકા પહોંચ્યું હતું. લિક્વિડ મેડિકલ ઓક્સિજનના તત્કાલિક પુરવઠા માટે શ્રીલંકાના રાષ્ટ્રપતિ શ્રી ગોટાબાયા રાજપક્ષેની વ્યક્તિગત વિનંતીના જવાબમાં INS શક્તિને ઓક્સિજન પહોંચાડવા માટે તૈનાત કરવામાં આવ્યું હતું. આ અગાઉ એપ્રિલ–મે 2020 દરમિયાન 26 ટન આવશ્યક મેડિકલ પુરવઠો શ્રીલંકાને ભેટમાં આપવામાં આવ્યો હતો. વર્તમાન શ્રીલંકામાં કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા છે. એક જ દિવસમાં લગભગ 200 લોકોના મૃત્યુ સાથે મૃત્યુઆંક વધીને 7000 થી ઉપર પહોંચી ગયો છે. પરિણામે નવા Covid-19 કેસોમાં ઝડપી વધારો સંભાળવા માટે લિક્વિડ મેડિકલ ઓક્સિજનની માંગમાં 30%નો વધારો થયો છે. INS શક્તિ દીપક શ્રેણીનું ફ્લીટ ટેન્કર છે.

➢ **સહકાર મંત્રાલયના સંયુક્ત સચિવ તરીકે શ્રી અભય કુમાર સિંહની નિમણૂક**

તાજેતરમાં દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવાના ઉદ્દેશથી રચાયેલા 'સહકાર મંત્રાલય'માં IAS અધિકારી શ્રી અભય કુમાર સિંહની સંયુક્ત સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી અભય કુમાર સિંહને સાત વર્ષના કાર્યકાળ માટે આ નવા બનાવેલા પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ બિહાર કેડરના 2004ની બેચના IAS અધિકારી છે. નોંધનીય છે કે જુલાઈ 2021માં કેન્દ્ર સરકાર દ્વારા 'સહકાર સે સમૃધ્ધિ'ની વિઝનને સાકાર કરવા અને સહકારી આંદોલનને નવી દિશા આપવા માટે એક અલગ સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે એક અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પૂરું પાડવાનો હતો.

➢ **'ધ અશોકા' અને અન્ય 7 ITDC હોટલોનું મુદ્રીકરણ કરવામાં આવશે.**

'અન્ડર યુઝ્ડ પબ્લિક સેક્ટર એસેટ્સ'ના મુદ્રીકરણના સરકારના લક્ષ્યના ભાગરૂપે 'ધ અશોકા' 5 સ્ટાર હોટલ ખાનગી ઓપરેટરોને ચાર વર્ષ માટે ભાડે આપવામાં આવશે. 'ધ અશોકા' અને 'હોટલ સમ્રાટ' આઠ ભારતીય પ્રવાસન વિકાસ નિગમ (ITDC)ની મિલકતો પૈકીની એક છે. જે નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન (NMP)માં સૂચિબધ્ધ કરવામાં આવી છે. આ મુદ્રીકરણ યોજના હેઠળ ITDC રાંચીમાં 'હોટેલ રાંચી અશોકા' તેમજ પુરી ખાતે 'હોટલ નિલાચલ'નું મુદ્રીકરણ થશે. પુડુચેરીમાં 'હોટલ પુડુચેરી અશોકા'નું સંયુક્ત લીઝ દ્વારા મુદ્રીકરણ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➢ **રૂ. 50,000 થી વધુના ચેક માટે ચોક્કસ વિગતો આપવી પડશે : RBI**

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ચેક ટ્રાન્ઝેકશન સિસ્ટમ માટે ઓગસ્ટ, 2020માં પોઝિટિવ પે સિસ્ટમની જાહેરાત કરવામાં આવી હતી. મોટાભાગની બેન્કો દ્વારા તેનો 1 સપ્ટેમ્બર થી અમલ કરવામાં આવશે. આ પે સિસ્ટમ હેઠળ બેન્કનો ખાતેદાર જો રૂ. 50,000 થી વધુ રકમનો ચેક ઈશ્યૂ કર્યો હશે તો તેની કેટલીક વિગતો બેન્કો આપવી પડશે. અન્યથા બેન્ક દ્વારા ચેક ક્લિયર કરવામાં આવશે નહીં. પોઝિટિવ પે સિસ્ટમ હેઠળ ખાતેદારે ઈશ્યૂ કરેલા ચેકની કેટલીક વિગતો વેરિફાઈ કરવાની રહેશે જેથી તે ચેક તમે જ ઈશ્યૂ કર્યો છે કે તેવી ખાતરી મેળવી શકાય. આ અંતર્ગત વિગતોમાં ચેક ઈશ્યૂ કર્યાની તારીખ, 6 આંકડાનો ચેક નંબર, ચેકમાં લખેલી રકમ, જેના નામે ચેક ઈશ્યુ કરવામાં આવ્યો હોય તે લાભાર્થીના નામનો સમાવેશ થાય છે.

➢ **કેબિનેટે શેરડી માટે અત્યાર સુધીની સૌથી વધુ FRPને મંજૂરી આપી**

કેન્દ્રીય કેબિનેટે 25 ઓગસ્ટ, 2021ના રોજ શેરડીના ખેડૂતો માટે સૌથી વાજબી અને લાભદાયી ભાવ (FRP)ને મંજૂરી આપી છે. વર્ષ 2021-22 માટે શેરડીની FRP વધારીને 290 રૂપિયા કરવામાં આવી છે. આ કિંમત 10% રિકવરી પર આધારિત હશે. જો રિકવરી 9.5% થી ઓછી હોય તો ખેડૂતોને 275 રૂપિયા પ્રતિ કિવન્ટલ FRP આપવામાં આવશે. આ મંજૂરી અત્યાર સુધીની સૌથી વધુ FRP (લાભદાયી ભાવ) છે. FRPએ લઘુતમ ભાવ છે કે જેના પર ખાંડની મિલો ખેડૂતો પાસેથી શેરડી ખરીદે છે. આ ભાવ કેન્દ્ર સરકાર દ્વારા 'કૃષિ ખર્ચ અને કિંમતો માટે કમિશન'ની ભલામણોના આધારે નક્કી કરવામાં આવે છે.

## વિશ્વ

➤ **2016 AJ193 એસ્ટરોઈડ (લઘુગ્રહ)**

વિશ્વની સૌથી ઊંચી ઈમારત 'બુર્જ ખલીફા'થી પણ એક લઘુગ્રહ તાજેતરમાં પૃથ્વીની નજીકથી પસાર થયો છે. વૈજ્ઞાનિકો દ્વારા આ લઘુગ્રહ (એસ્ટોરોઈડ)ને તેના સંભવિત કદ અને પૃથ્વીની નજીક ભ્રમણકક્ષાને કારણે 'સંભવિત જોખમી એસ્ટરોઈડ' (PHAs) તરીકે વર્ણાવ્યું હતું. પૃથ્વીથી આ એસ્ટરોઈડનું અંતર છેલ્લા 65 વર્ષમાં પૃથ્વી પરથી પસાર થતા કોઈપણ એસ્ટરોઈડની સૌથી નજીક હતું. યુ.એસ સ્પેસ એજન્સી નાસા દ્વારા આ એસ્ટરોઈડને સત્તાવાર રીતે '2016 AJ193' નામ આપવામાં આવ્યું હતું. નાસાના જણાવ્યા અનુસાર આ અવકાશી પદાર્થ 94208 કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યો હતો.

➤ **પાકિસ્તાને ફતાહ-1નું સફળ પરીક્ષણ કર્યુ**

પાકિસ્તાને 24 ઓગસ્ટ, 2021ના રોજ ફતાહ– 1નું સફળ પરીક્ષણ કર્યુ હતું. ફતાહ– 1 પાકિસ્તાન દ્વારા નિર્મિત માર્ગદર્શિત મલ્ટિ–લોન્ચ રોકેટ સિસ્ટમ છે. તે 140 કિમીની રેન્જ સુધી પરંપરાગત હથિયારો પહોંચાડવામાં સક્ષમ છે. ફતાહ– 1નું આ બીજુ પરીક્ષણ હતું. આ અગાઉ જાન્યુઆરી 2021માં પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ અગાઉ પાકિસ્તન સેનાએ માર્ચ 2021માં શાહીન– 1 મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું જે મધ્યમ અંતરની બેલાસ્ટિક મિસાઈલ છે. તેની રેન્જ લગભગ 900 કિમી છે.

## ICE ? Questions

➤ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)એ તાજેતરમાં કેટલી નીતિ વિષયક યોજનાઓ જાહેર કરી હતી ? – 4

➤ IT ક્ષેત્રની કઈ કંપની અમદાવાદમાં અત્યાધુનિક સોફટવેર લેબની સ્થાપના કરશે ? – IBM

➤ તાજેતરમાં કોણે વિશાખાપટ્ટનમમાં સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ શરૂ કર્યો છે ? – NTPC

➤ દર વર્ષે કયા દિવસે ચેન્નાઈમાં 'મદ્રાસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ? – 22 ઓગસ્ટ

➤ તાજેતરમાં કયું જહાજ 100 ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજન લઈને શ્રીલંકા પહોંચ્યું હતું ? – INS શક્તિ

➤ સહકાર મંત્રાલયના સંયુક્ત સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અભય કુમાર

➤ 7 ITDC હોટલ અને બીજી કઈ હોટલનું મુદ્રીકરણ કરવામાં આવશે ? – ધ અશોકા

➤ RBIના જણાવ્યા અનુસાર કેટલા હજારથી વધુના ચેક માટે ચોક્કસ વિગતો આપવી પડશે ? – 50,000

➤ વર્ષ 2021-22 માટે શેરડીની FRP વધારીને કેટલા રૂપિયા કરવામાં આવી છે ? – 290

➤ 2016 AJ193 શું છે ? – એસ્ટોરોઈડ (લઘુગ્રહ)

➤ તાજેતરમાં કયા દેશે ફતાહ–1 રોકેટનું સફળ પરીક્ષણ કર્યુ છે ? – પાકિસ્તાન

1. કઈ સંસ્થાએ 'સ્મોલ બિઝનેસ લોન્સ ઈનિશિયેટિવ' નામની નવી પહેલ શરૂ કરી છે ? – ફેસબુક

2. તાજેતરમાં કઈ સંસ્થાએ AI સક્ષમ વર્ચ્યુઅલ સહાયક 'ઉર્જા' શરૂ કરી છે ? – BPCL

3. કઈ સંસ્થાએ 'ગૂગલ કલાઉડ ગેરેજ' શરૂ કર્યુ છે ? – ટાટા કન્સલ્ટન્સી સેવાઓ
(ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડ (TCS) એ એન્ટરપ્રાઈઝ ગ્રાહકોને કલાઉડ સોલ્યુશન્સ પ્રોટોટાઈપ એપ્લિકેશન્સનું મૂલ્યાંકન કરવામાં અને બિઝનેસ તકોને સંબોધવા માટે એનાલિટિક્સ લાગુ કરવા 'ગુગલ કલાઉડ ગેરેજ' લોન્ચ કર્યુ છે.)

4. કયા શહેરમાં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC)એ 25 મેગાવોટનો સૌથી મોટો ફલોટિંગ સોલાર PV પ્રોજેક્ટ શરૂ કર્યો છે ? – વિશાખાપટ્ટનમ

5. PayPal Holding Inc એ અમેરિકા બહાર સૌપ્રથમ કયા દેશમાં ક્રિપ્ટોકરન્સીની ખરીદી અને વેચાણ શરૂ કર્યુ છે ? – યુનાઈટેડ કિંગ્ડમ

6. તાજેતરમાં કોણે નિયોબોલ્ટ (Neo Bolt) નામનું ભારતનું પ્રથમ સ્વદેશી મોટરવાળુ વ્હીલચેર વાહન વિકસાવ્યું છે ? – IIT મદ્રાસ
(ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી, મદ્રાસે 'નિયોબોલ્ટ' નામનું ભારતનું પ્રથમ સ્વદેશી મોટરવાળું વ્હીલચેર વાહન વિકસાવ્યું છે. નિયોબોલ્ટનો ઉપયોગ રસ્તાઓ તેમજ અસમાન ભૂપ્રદેશમાં થઈ શકે છે. તેની મહત્તમ ઝડપ 25 કિમી પ્રતિ કલાક છે.)

7. તાજેતરમાં કોણે 'Vaccinate-India-Programm' અથવા 'રસિકરણ ભારત કાર્યક્રમ' શરૂ કર્યો છે ? – ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકયા નાયડુ

8. ભારતે કયા સ્થળે આયોજિત 'ARMY-2021' માં સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ 'તેજસ' પ્રદર્શિત કર્યુ હતું ? – મોસ્કો
(ભારતે મોસ્કોમાં આયોજીત આંતરરાષ્ટ્રીય મિલિટરી–ટેકનિકલ ફોરમ 'ARMY-2021' માં સ્વદેશી રીતે બનાવેલા ફાઈટર જેટ્સ રજૂ કર્યા હતા.)

9. તાજેતરમાં કઈ સંસ્થાએ 34 ઉપગ્રહો લોન્ચ કર્યા છે ? – OneWeb
(ભારતી ગ્રુપ સમર્થિત વનવેબે પૃથ્વીની નીચેની કક્ષામાં 34 ઉપગ્રહોની પ્રક્ષેપણની પૃષ્ટી કરી છે. આ પ્રક્ષેપણ સાથે વનવેબના કુલ ઉપગ્રહનો સંખ્યા 288 થઈ ગઈ છે.)

10. જર્મનીમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે કઈ બેંકે ડિજિટલ અને ઈન્સ્ટન્ટ બ્લોક કરેલું એકાઉન્ટ લોન્ચ કર્યુ છે ? – ICICI બેંક

11. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કુશમેન એન્ડ વેકફિલ્ડના જણાવ્યા અનુસાર ભારતે અમેરિકાને પાછળ છોડીને આંતરરાષ્ટ્રીય સ્તરે ________ ક્રમાંકે સૌથી આકર્ષક ઉત્પાદન સ્થળ બન્યું છે. – બીજા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. વિશ્વનું સૌથી મોટું અને સૌથી ઊંચું ઓબ્ઝર્વેશન વ્હીલ કયું છે ? – આઈન દુબઈ

(વિશ્વનું સૌથી મોટું અને સૌથી ઊંચું ઓબ્ઝર્વેશન વ્હીલ જેને આઈન દુબઈ તરીકે ઓળખવામાં આવે છે. સંયુક્ત આરબ અમીરાતમાં 21 ઓક્ટોબર, 2021ના રોજ ખોલવામાં આવશે. આઈન દુબઈ લંડન આઈ કરતા અંદાજે 42.5 મીટર ઊંચું છે. તે મુલાકાતીઓને 250 મીટરની ઉંચાઈ પર લઈ જશે અને દુબઈના મનોહર આકાશના સુંદર દૃશ્ય માણી શકશે.)

13. તાજેતરમાં ગુજરાત બ્લોકમાં કઈ સંસ્થાએ કુદરતી ગેસની શોધ કરી છે ? – વેદાંતા

14. ભારતીય જીવન વિમા નિગમ (LIC)એ સંભવિત ગ્રાહકોને જોડવા માટે તેના એજન્ટો અને મધ્યસ્થીઓ માટે કઈ મોબાઈલ એપ લોન્ચ કરી છે ? – આનંદ મોબાઈલ એપ

15. જે મહિલાઓએ કોરોના મહામારી દરમિયાન તેમના પતિ ગુમાવ્યા છે તેના માટે મહારાષ્ટ્ર સરકારે કયો કાર્યક્રમ શરૂ કર્યો છે ? – મિશન વાત્સલ્ય

16. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રી દ્વારા રાજ્યમાં શિશુઓ માટે ન્યુમોકોલ કન્જુગેટ (PCV) રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ? – આંધ્રપ્રદેશ

17. EASE 3.0 હેઠળ કઈ બેંકે બેઝલાઈન કામગીરીમાંથી શ્રેષ્ઠ સુધારણા માટે એવોર્ડ જીત્યો છે ? – ઈન્ડિયન બેંક

18. અલ્જેરિયાએ તાજેતરમાં કયા દેશ સાથે રાજદ્વારી સંબંધો સમાપ્ત કર્યા છે ? – મોરક્કો

19. તાજેતરમાં કોણે 'Stop TB Partnership Bord' ના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે ?

– શ્રી મનસુખ માંડવિયા

(કેન્દ્રીય અરારોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ 26 ઓગસ્ટ, 2021ના રોજ 'સ્ટોપ ટીબી પાર્ટનરશિપ બોર્ડ'ના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.)

20. તાજેતરમાં કોણે 'Fourm for Decarbonizing Transport' લોન્ચ કર્યુ છે ? – નીતિ આયોગ અને WRI

21. તાજેતરમાં શ્રી ટેડ ડેક્સટરનું નિધન થયુ છે. તે કયા દેશના ભૂતપૂર્વ ક્રિકેટર હતા ? – ઈંગ્લેન્ડ

22. ગુજરાત હાઈકોર્ટના કયા બે જસ્ટિસને સુપ્રીમ કોર્ટમાં પદોન્નતિ માટે રાષ્ટ્રપતિએ મંજૂરી આપી છે ?

– શ્રી વિક્રમનાથ અને સુશ્રી બેલા ત્રિવેદી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT